Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ



પુ૦ ૨૮ મું.
માઘ.
અંક ૭ મો.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

વીર સં. ૨૪૫૭
આત્મ સં. ૩૫.
વિ. સં. ૧૯૮૭

મૂલ્ય રૂા. ૧) પો૦ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષયાનુક્રમણિકા.


૧ તાત્ત્વિક રેખાંશ. ... ( વેલચંદ ધનજી સંઘવી. ) ... ... ૧૫૫
૨ શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ. ( આત્મવલ્લભ. )... ... ... ૧૫૯
૩ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... ... ... ... ... ૧૬૨
૪ દ્રવ્યગુણપર્યાય વિવરણ ... ( શંકરલાલ ડી કાપડીયા. ) ... ... ૧૬૭
૫ સેવાધર્મના મંત્રો. ... ( વિઠ્ઠલદાસ મૂ૦ ) ... ... ... ૧૬૯
૬ જીવદયા ધર્મ.... ... ( એક મુનિ. ) ... ... ... ૧૬૨
૭ વર્તમાન સમાચાર. ... ... ... ... ... ... ૧૭૪
૮ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૧૭૬



## અમારા માનવંતા લાઈફ મેમ્બરોને ભેટ આપવા માટે નવીન તૈયાર થતાં પુસ્તકો.

૧ સુકૃતસાગર પેથડકુમાર ચરિત્ર—( ઈતિહાસિક ) તૈયાર થયેલ છે.

### નીચેના તૈયાર થાય છે.

૨ ધર્મ પરિક્ષા—ધર્મનું સ્વરૂપ કથાઓ સહિત.

૩ **શ્રી મહાવીર પ્રભુ ચરિત્ર**—ઘણુંજ વિસ્તાર યુક્ત અનેક બોધક કથાઓ પૂર્વક.

૪ **શ્રી પ્રભાવક ચરિત્ર**—અનેક આચાર્ય મહારાજોના ઇતિહાસિક દષ્ટિએ જીવન વૃતાંત.

આ સભામાં લાઈફ મેમ્બર થનારને કેવા કેવા ગ્રંથો દરવર્ષે ભેટ મળ્યે જાય છે તે સુવિદિત છે. કે જેવા ગ્રંથો દરવર્ષે કોઇ સંસ્થા આપી શકતી નથી. આર્થિક દૃષ્ટિએ અને સાહિત્ય સેવા અને ઉત્તેજનની અપેક્ષાએ પણ આ સભામાં લાઈફ મેમ્બરો થનાર બંધુ અમૂલ્ય ગ્રંથોની ભેટનો લાભ ઉત્તરોત્તર સારી સંખ્યામાં લઇ શકે છે.

## શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું ચરિત્ર.

પ્રભુજીના પ્રથમ ગણધર દત્તના પૂર્વભવનું અલૌકિક વૃત્તાંત, શ્રી ચંદ્રપ્રભસ્વામીના ત્રણ ભવોનું સુંદર અને મનોહર ચરિત્ર, સાથે દેવોએ કરેલ પ્રભુના જન્મમહોત્સવ વગેરે પંચકલ્યાણકોનું અને તે વખતની અપૂર્વ ભક્તિનું રસિક, ચિતાકર્ષક અને વિસ્તારપૂર્વક વર્ણન, પ્રભુજીએ દાન, શીયલ, તપ, ભાવ, બારવ્રત અને તત્ત્વો ઉપર અપૂર્વ દેશના સાથે જણાવેલ અનેક કથાઓ, વિવિધ ઉપદેશથી ભરપૂર એકંદર ત્રીશ બોધપ્રદ કથાઓથી ભરપૂર આ ચરિત્રની રચના છે. કિં. રૂા ૧-૧૨-૦

લખો:—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


ભાવનગર ધી "આનંદ" પ્રીન્ટીંગ પ્રેસમાં–શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારો સત્કાર.

## નવા માનવંતા પેટ્રન સાહેબ.

કલકત્તા નિવાસી, આબરૂદાર વ્યાપારી અને તાલુકદાર રા૦ રા૦ શ્રાવકકુલભૂષણ બાબુ સાહેબ બહાદુરસિંહજી સિંઘિ ગયા માગશર માસમાં આ સભાના માનવંતા મુરબ્બી ( પેટ્રન સાહેબ ) થયા છે. તે માસમાં શ્રી સિદ્ધાચળજી વગેરે તીર્થની યાત્રા કરવા આવતાં ભાવનગર પધાર્યા હતા. દરેક સંસ્થાની વીઝીટ લેતાં અમારી વિનંતિથી આ સભામાં પધાર્યા હતા. સભાની કાર્યવાહી-ફ્રી વાંચનાલય, સાહિત્ય પ્રકાશન, વ્યવસ્થા વગેરે શાંતિપૂર્વક તપાસી સેક્રેટરીઓની વિનંતિ સ્વીકારી પેટ્રન થયા છે. બાબુ સાહેબ બહાદુરસિંહજી સાહેબ દેવ, ગુરૂ ધર્મના પરમ ઉપાસક, અટલ શ્રદ્ધાવાન, ઉદાર નરરત્ન છે તેઓશ્રીની સખાવતો જાણીતી છે. કેળવણી ઉપર પરિપૂર્ણ પ્રેમ ધરાવતા હોઇ તે માટે પણ અનેક સ્થળે પોતાનો ઉદાર હાથ લંબાવેલ છે. સં. ૧૯૮૨ ના અશાડ માસમાં શ્રી શત્રુંજય તીર્થના મુંડકાવેરા માટે રાજ્ય સાથે વાંધો પડ્યો ત્યારે અસહકારના પ્રચારકાર્ય માટે મુંબઇમાં મળેલ જૈન કોન્ફરન્સના અધિવેશનના તેઓશ્રી પ્રમુખ નીમાયા હતા. તે સંયોગમાં પ્રમુખ સ્થાનેથી બહુજ કુનેહભરી રીતે અધિવેશનનું કાર્ય પાર પાડયું હતું. ત્યારથી આ ઇલાકામાં બાબુ સાહેબ જૈન કોમમાં એક નરરત્ન છે તેમ જૈનસમાજ જાણી શકી છે. અમો તેઓશ્રીનો આભાર માનતાં તેઓશ્રી દીર્ઘાયુ થઇ જૈન સમાજમાં અનેક કાર્યો ઉદારતા પૂર્વક કરે તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भवद्भिस्तावदिदमादौ कर्तव्यं भवति यदुत सेवनीया दयालुता न विधेयः परपरिभवः मोक्तव्या कोपनता वर्जनीयो दुर्जनसंसर्गः विरहितव्यालीकवादिता अभ्यसनीयो गुणानुरागः न कार्या चौर्यबुद्धिः त्यजनीयो मिथ्याभिमानः वारणीयः परदाराभिलाषः परिहर्तव्यो धनादि गर्वः ।

ततो भविष्यति भवतां सर्वज्ञोपज्ञ सद्धर्मानुष्ठानयोग्यता ॥

उपमिति भवप्रपञ्चा कथा–सप्तम प्रस्ताव.

पुस्तक २८ } वीर सं. २४५७. माघ. आत्म सं. ३५. { अंक ७ मो.

ॐ

## તાત્ત્વિક રેખાંશ.

(૧)

( હરિગીત. )

[૧]ષડ્દ્રવ્ય ને [૨]નવતત્ત્વ તેના " [૩]દ્રવ્ય [૪]ગુણ [૫]પર્યાય " થી,
"[૬]નય–[૭]ભંગ–[૮]–નિક્ષેપા–[૯]પ્રમેય–[૧૦]પ્રમાણ સાથ પ્રબંધથી;"
બતલાવે કો ! [૧૧]ત્રિપદી ઘટાવી સત્ય સાત્ત્વિક તત્ત્વથી,
સમજાય ના ! વહેંચણ વિધિ [૧૨]કાઠિન્ય શાસ્ત્ર સંબંધથી.

*–આ પદમાં ઘણા શબ્દો કઠિન છે. તે સમજવા જિજ્ઞાસુઓએ બની શકે તેવો પ્રયાસ કરવા વિનંતી છે.

૧–ષડ્દ્રવ્યના નામ,

૧–ધર્માસ્તિકાય. ૨–અધર્માસ્તિકાય. ૩–આકાશાસ્તિકાય. ૪–પુદ્‌ગલાસ્તિકાય. ૫–જીવાસ્તિકાય. ૬–કાળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨ )

ષડ્દ્રવ્ય ને નવતત્ત્વ વિણુ કો વસ્તુ આ જગમાં નથી,
" યોગી–મહર્ષિ " સર્વદા તે સમજવા રહે છે [૧૩]મથી;
નવતત્ત્વનું તારણ રહે [૧૪]એ **તત્ત્વમાં** સંક્ષેપથી,
ષડ્દ્રવ્યમાં તે [૧૫]**સહજથી** છે શાસ્ત્રના નિર્દેશથી.

( ૩ )

[૧૬]વ્યવહાર સુંદર સૃષ્ટિનો ષડ્દ્રવ્યના **સંયોગથી,**
આશ્ચર્યકારક યોગ પણ [૧૭]**તદ્રુપતા** તેમાં નથી;
યોગી અનુભવ જ્ઞાનથી એ યોગને [૧૮]અવગાહતા,
આત્મિક આનંદમાં [૧૯]અહર્નિશ એહની [૨૦]લયલીનતા.

---

૨–નવતત્ત્વના નામ.
૧–જીવ. ૨–અજીવ. ૩–પુણ્ય. ૪–પાપ. ૫–આશ્રવ. ૬–સંવર. ૭–નિર્જરા. ૮–બંધ ૯–મોક્ષ.
૩–દ્રવ્ય–ઉત્પત્તિ–સ્થિતિ અને લયનો જેમાં સંભવ છે.
૪–ગુણ–દ્રવ્યમાં જે સહભાવી પણે રહે.
૫–પર્યાય–જે ક્રમભાવી હોય.
૬–સાત નયના નામ.
૧–નૈગમ. ૨–સંગ્રહ. ૩–વ્યવહાર. ૪–ઋજુસૂત્ર. ૫–શબ્દ. ૬–સમભિરૂઢ. ૭–એવંભૂત.
૭–સાત ભંગના નામ.
૧–સ્યાદ્અસ્તિ. ૨–સ્યાદ્નાસ્તિ. ૩–સ્યાદ્અસ્તિ–નાસ્તિ. ૪–સ્યાદ્અવકતવ્ય. ૫ સ્યાદ્અસ્તિ અવકતવ્ય. ૬–સ્યાદ્નાસ્તિ અવક્તવ્ય. ૭ સ્યાદ્અસ્તિ–નાસ્તિઅવકતવ્ય.
૮–ચાર નિક્ષેપાના નામ. ૧–નામ. ૨–સ્થાપના. ૩–દ્રવ્ય. ૪–ભાવ.
૯–પ્રમેય-જ્ઞાનવિષય.
૧૦–પ્રમાણ ચાર છે. પ્રત્યક્ષ. ૨ પરોક્ષ. ૩ અનુમાન ૪ આગમ.
૧૧–ત્રિપદી–ત્રણપદ. ઉત્પત્તિ સ્થિતિ ને લય.
૧૨–કાઠિન્ય. સમજવું ઘણું કઠણ.
૧૩–મથી–મથવું–મહેનત કરવી.
૧૪–નવતત્ત્વનું દોહન કરવામાં આવે તો તેનો સંક્ષેપથી બે તત્ત્વોમાં જીવ અને અજીવમાં સમાવેશ થાય છે.
૧૫–સહજથી–મૂળથી.
૧૬–આ દુનિયાનો તમામ વ્યવહાર છ દ્રવ્યના સંયોગથી જ ચાલે છે.
૧૭–તદ્રુપતા–તદાકાર રીતે મળી જવું. ૧૮–અવગાહતા–જાણતા.
૧૯–અહર્નિશ– નિરંતર–કાયમ.
૨૦–લયલિનતા–તદાકારપણું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૪ )

[૨૧]સર્વાંગે વસ્તુ સમજવા [૨૨]સ્યાદ્વાદવાદ સમર્થ છે,
એ સમજ વિણ [૨૩]એકાન્તવાદ અનર્થકારક અર્થ છે;
[૨૪]જે " દ્રવ્ય–ક્ષેત્રને કાળ–ભાવ " તણી અપેક્ષા સાચવે,
[૨૫]" નિશ્ચય અને વ્યવહાર " સુંદર યોગ્ય રીતે દાખવે

( ૫ )

ષડ્દ્રવ્યની સમજણુ મળે [૨૬]સતસંગ વા [૨૭]સતશાસ્ત્રથી,
મુશ્કેલ [૨૮] મીલન છે છતાં સંયોગ યોગ્ય પ્રયોગથી;
"[૨૯]વ્યવહાર-[૩૦]-નિશ્ચય-[૩૧]મુખ્ય-[૩૨]ગૌણ-[૩૩]વિધિ-[૩૪]નિષેધ વિશેષથી,"
પહિચાનવા કર [૩૫]સ્ફાર ઉદ્યમ **તત્ત્વદર્શન** તેહથી.

( ૬ )

ભવ ભ્રમણુતાનો અન્ત જે જે [૩૬]કર્મયોગે સંભવે,
[૩૭]સંજીવની ચારો [૩૮]સમુચ્ચય ધર્મ કરણી સૂચવે;
કિમ્મત [૩૯]કસોટી પર કરી જીવન તથાવિધ કેળવો,
**તાત્ત્વિક તત્ત્વ પ્રકાશ** " આત્માનંદ " દ્વારા મેળવો.

**( વેલચંદ ધનજી. )**

---

૨૧--સર્વાંગે--સંપૂર્ણ પણે સર્વ રીતે.
૨૨--સ્યાદ્વાદવાદ--વસ્તુની દરેક બાજુની સમજપૂર્વક કરાતો વચનવ્યવહાર.
૨૩--એકાન્તવાદ વસ્તુની માત્ર વર્તમાન સ્થિતિને અમુક અંશે સૂચવતો પણ પરિણામે સ્ખલના પામતો વચન વ્યવહાર.
૨૪--૨૫ જે દ્રવ્ય--ક્ષેત્ર--કાળ અને ભાવ તેમજ નિશ્ચય અને વ્યવહારને યોગ્યરીતે બતાવી શકે. તેજ સ્યાદ્વાદ્.
૨૬--સતસંગ--સંસાર ભાવનાથી અલિપ્ત મહા પુરૂષનો સંગ--સોબત.
૨૭--સતશાસ્ત્ર--રાગ દ્વેષ અને મોહ પર કાબુ મેળવી મુકિત માર્ગ સનમુખ જોડી આપે.
૨૮--મીલન--મળવું.
૨૯--વ્યવહાર--શાસ્ત્રોક્ત રીતે બાહ્ય પ્રવૃતિ.
૩૦--નિશ્ચય--નિર્લેપ રીતે આન્તરિક પ્રવૃતિ.
૩૧--મુખ્ય--કાર્યની અનેક દિશાઓમાં વર્તમાનમાં જેને ઉદ્દેશી કામ કરાતું હોય તે.
૩૨--ગૌણ--કાર્યની દરેક દિશાઓમાં એકની મુખ્યતા અને બીજી દરેક ગૌણરૂપે રહેલ હોય તે ગૌણ.
૩૩--વિધિ--આદરવા યોગ્ય. ૩૪--નિષેધ--ત્યાગવા યોગ્ય.
૩૫--સ્ફાર--પૂર્ણબળ સાથે ૩૬--કર્મયોગ--ક્રિયાદ્વારા.
૩૭--સંજીવની ચારો. જે આહારથી જીવનશુદ્ધિ થાય.
૩૮--સમુચ્ચય--સમગ્ર રીતે
૩૯--કસોટી--એક પથ્થરની જાત જે સુવર્ણ કસવાના કામમાં આવે છે.

( વે. ધ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાન્ય સાર—

( ૧ )

છ દ્રવ્ય અને નવતત્ત્વ તેના દ્રવ્ય–ગુણ અને પર્યાયથી તેમજ નય ભંગ, નિક્ષેપા–પ્રમેય અને પ્રમાણુના પ્રબંધ સાથે ત્રિપદી ઘટાવી સત્યતાપૂર્વક સાત્વિક તત્ત્વોને કોઈ–તત્ત્વના જાણુનાર મહર્ષિઓ–બતલાવે–સમજાવે ! એવી જિજ્ઞાસુની માગણી છે, પરિણામે એજ જિજ્ઞાસુને ઉપર વર્ણવેલી તાત્વિક બીનાની શાસ્ત્રીય સંબંધ પૂર્વક વિચારણા કરતા તે સમજવામાં તેને ઘણી કાઠિનતા જણાય છે. મતલબ તે તત્ત્વોની વહેંચણુ કરવાની વિધિ તુર્તમાં સમજાય તેવી નથી.

( ૨ )

છ દ્રવ્ય અને નવતત્ત્વ સિવાય આ જગતમાં બીજી કોઇ પણુ વસ્તુનો સદ્ભાવ નથી. તેને યથાર્થ સમજવા માટે મહાન્ યોગી–મહર્ષિઓ નિરંતર શ્રમ ઉઠાવી રહ્યા છે. નવતત્ત્વ સંબંધી વિચાર કરતાં તેનું સંક્ષેપે દોહન બે તત્ત્વોમાં થઇ શકે છે અને તે બે તત્ત્વો જીવ અને અજીવ–પુદ્ગલ શાસ્ત્રના નિર્દેશ પ્રમાણે છ દ્રવ્યમાં મૂળથી જ રહેલ છે.

( ૩ )

આ જગતનો સુંદર વ્યવહાર છ દ્રવ્યના સંયોગ વડે ચાલે છે; છતાં તેમાં એક મહાન્ આશ્ચર્યકારક બીના છે તે એજ કે એ યોગ તદ્રુપ ભાવે–એકાકાર રૂપે સંમિશ્ર બનતો નથી, એ સંયોગનું આત્મજ્ઞાનના અનુભવી મહાપુરૂષો જ અવગાહન કરી શકે છે. જેઓ નિરંતર આત્મિક આનંદમાંજ લયલિન હોય છે.

( ૪ )

વસ્તુસ્થિતિની સંપૂર્ણ સમજ સ્યાદ્વાદવાદનેજ આભારી છે, એ સમજ રહિત માત્ર એકાન્તવાદથી સમજવાનો પ્રયોગ અર્થને અનર્થકારક બનાવે છે. જે વાદવડે દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવની અપેક્ષા સચવાએલી રહે તેમજ નિશ્ચય અને વ્યવહારની પણુ સમયોચિત યોગ્યતાનું નિરૂપણુ કરે તેનું નામ સ્યાદ્વાદવાદ !

( ૫ )

છ દ્રવ્યની સમજણુ સતસંગ અગર સતશાસ્ત્રના અભ્યાસવડેજ મેળવી શકાય છે સતસંગનું મીલન અને સત્શાસ્ત્રનો અવબોધ થવો એ ઘણું મુશ્કેલ છે; છતાં તેની પાછળ યોગ્ય રીતે મહેનત લેવામાં આવે તો તે ફલિત થવાનો સંભવ છે. વ્યવહાર–નિશ્ચય, મુખ્ય–ગૌણુ, વિધિ અને નિષેધ તેને વિશેષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ.

( ગતાંક પૃષ્ઠ ૧૩૫ થી શરૂ. )

શ્રી શત્રુંજયતીર્થે આનંદ પૂર્વક પ્રતિષ્ઠા-ઉદ્ધાર કરી શ્રી સંઘે **ગિરનાર** તરફ પ્રયાણ કર્યું. પ્રથમ **અમરેલી**પુરે આવી જિનશાસનની પ્રભાવના કરતો શ્રી સંઘ **ઉજ્જયન્તગિરિ** પહોંચ્યો, જ્યાં **મહિપાલ** રાવલ જુનાગઢપતિ સામે આવ્યો. સમરશાહ અને મહિપાલદેવ આનંદપૂર્વક ભેટ્યા, વિવિધ ભેટો-વડે શાહે મહિપાલદેવને પ્રસન્ન કર્યો. દેશલશાહનો પ્રવેશમહિમા મહિપાલે કર્યો અને સંઘનો વાસ **તે**જપાલપુર પાસે કરાવી રાજા સ્વ-આવાસે સિધાવ્યો.

વંથળીની ચૈત્યપરિપાટી કરી તલાટી થઈ સંઘ ગિરનારગિરિ ઉપર ચાલ્યો. શ્રી નેમિનાથ ભગવાનનું ભુવન પામી ત્રણ પ્રદક્ષિણા દઇ, પ્રભુને ભેટી ગઢમાં ઉતર્યા. શત્રુંજયતીર્થની પેઠે ત્યાં પણ પ્રભુને ન્હવણ કર્યું. છત્ર-ચામર મેલ્યા. સર્વ પ્રાસાદોમાં યાત્રા, મહાધ્વજા, મહાપૂજા કરી પુત્ર, પૌત્ર સહિત દેશલે શ્રી અંબાજીદેવીની અર્ચા કરી, તે વખતે સમરસિંહની સ્ત્રીએ પુત્રને જન્મ આપ્યો; તે સમાચાર જાણી અંબામાતાનું વિશેષ અર્ચન કર્યું. ધર્મ શિઘ્ર ફળે છે. આનંદ પામ્યા પછી દસ દિવસ આ તીર્થમાં રહી શ્રી નેમિપ્રભુની રજા લઇ ગિરનારથી ઉતર્યા.

---

પ્રકારે સમજવા પ્રખર ઉદ્યમ કરવો જોઇએ જેથી તત્ત્વદર્શન-તત્ત્વોની સમજ સહેજે મળે.

( ૬ )

ભવભ્રમણ-આ દુનિયામાં રઝળવું તેનો અન્ત આવે, આત્માની મુક્તિ થાય તેવી દરેક સુંદર ક્રિયાઓ સંજીવની ચારાના ન્યાયથી સમુચ્ચયે કરવા ધર્મશાસ્ત્રોનું સૂચન છે. સુવર્ણની સાચી કિમ્મત કસોટીવડે અંકાય છે તેમ જીવનને પણ તપ-જપ સંયમાદિ કસોટીવડે કેળવવું જેથી આત્માનંદ દ્વારા તાત્વિક તત્ત્વોનો પ્રકાશ મેળવી શકાય !

( વે. ધ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વખતે **દેવપત્તન**નો રાજા **મુગ્ધરાજ** સમરસિંહના દર્શનનો ઉત્કંઠિત થયો. તે રાજાએ પોતાના પ્રધાન મારફત લેખિત આમંત્રણ મોકલ્યું, જેથી સમરાશાહ ત્યાં જવા ઉત્સુક થયો. સમરાશાહ ત્યાં જઇ હાથમાં ભેટણું લઈ મહિપાલદેવની રજા લેવા જતાં, મહિપાલદેવે ત્રિપદ વસ્ત્રથી સંબંદ્ધ ઘોડો, શ્રીકરી સાથે ભેટ આપ્યો. પછી શ્રી સંઘે ત્યાંથી પ્રયાણ કર્યું. પ્રથમ દેવાલય શ્રીદેવપટ્ટણમાં આવ્યું, જેથી મુગ્ધરાજ મહારાણો શ્રીસંઘની સામે આવ્યો. શિવભુવનની જગતિમાં આવ્યા. સોમેશ્વરદેવના દર્શન કરી કવડીબારે સમુદ્રને જોઇ સંઘ **પ્રિયમેલકે** ઉતર્યો. **શ્રીચંદ્રપ્રભ**પ્રભુને પ્રણામ કરી, પૂજા રચી જિનભુવનમાં ઓચ્છવ કર્યો. પંચરંગી ધ્વજા શિવદેવલમાં આપી ઉત્સવ કરાવ્યો. જિનેશ્વરના ધર્મની પ્રભાવના કરી જયપતાકા ફરકાવી, પછી શ્રીસંઘ દેવપત્તન પહોંચ્યો. સમરશાહ અને મુગ્ધરાજ બંને ભેટ્યા. પરસ્પર ભેટ આપવાવડે હર્ષિત થયા. ચતુર્વિધ સંઘ અને સ્વયં ઉત્સવ કરનાર ગંડો ( શૈવધર્મીઓ )થી ઉત્સાહ વૃદ્ધિ પામતાં દેવપત્તન શહેરમાં પ્રવેશ કર્યો.

દેવપત્તનમાં પુષ્કળ દાન આપવા પૂર્વક જિન ચૈત્યોમાં અષ્ટાન્હિકા મહોત્સવ કર્યો. સોમેશ્વરની પૂજા કરી મુગ્ધરાજ પાસેથી શ્રીકરી ઘોડો ભેટ પામી, દેશલશાહ શ્રીસંઘ સાથે શ્રીપાર્શ્વપ્રભુને ભેટવા **અજા**પુર તરફ ચાલ્યા. જે **પાર્શ્વનાથ**પ્રભુ સમુદ્રમાર્ગે પ્રયાણ કરતા તરીશને આદેશ આપી સમુદ્રમાંથી નીકળ્યા અને તેણે કરાવેલા અસાધારણ ચૈત્યમાં ત્યાં બિરાજમાન છે ત્યાં પણ પૂજા મહોત્સવ વગેરે કરી શ્રીસંઘ **કોડીનાર** પહોંચ્યો.

બ્રાહ્મણપત્ની અંબા મુનિઓને અન્નદાન આપતાં પતિના રોષથી બે પુત્રો સાથે ઉજ્જયંત ગિરિ આવી શ્રી નેમિજિનનું સ્મરણ કરતી જિનને નમી આંબાના ઝાડ નીચે ગઈ. ક્ષણમાં ફળોથી પુત્રોને ખુશી કરી આવતા પતિને જોઇ ભયભીત બની નેમિનાથ પ્રભુનું શરણ લઇ પર્વતના શિખરથી કુવામાં ઝંપાપાત કર્યો. મૃત્યુ પામી તે જ તીર્થમાં શ્રી અંબિકા નામે અધિષ્ઠાયક દેવી થઇ. કોડીનારમાં તેના પૂર્વાવાસને લઇ તેનું ચૈત્ય થયું. દેશલશાહે તેમને અનેક પ્રકારે કપૂર, કુંકુમ વગેરેથી પૂજી મહાધ્વજા આપી.

અનુક્રમે દ્વીપવેલાકુલ ( દીવબંદર ) સંઘ આવ્યો. દીવના રાજા **મૂલરાજે** એક હોડીથી બીજી હોડી જોડી ઉપર સાદરા પાથરી દેવાલય સહિત સંઘને જળમાર્ગે મહોત્સવ પૂર્વક બેટમાં લાવ્યા. ત્યાંના કરોડપતિ વ્યવહારી **હરિપાલે** સંઘનું સન્માન કર્યું. ત્યાં પણ અઠ્ઠાઈ મહોત્સવ કરી યાચકોને દાન આપ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સુંદરકુમર** વિહાર વગેરે જિનભુવનોમાં સ્વયંભુ આદિજિન વગેરેને વાંદ્યા. **વેણી**વચ્છરાજ મંદિર જોઇ આનંદ પામી સંઘ સમુદ્રને સામે તટે ઉતર્યો. સંઘપતિ પુનઃ શત્રુંજયતીર્થે પહોંચ્યા, આદિજિનને પૂજ્યા, મનુષ્ય જન્મનું ફલ પામ્યા, સુકૃતભંડાર ભર્યો.

સંઘપતિ પુનઃ શત્રુંજય તરફ જતાં પહેલાં શ્રી સિદ્ધસૂરિ કંઇક રોગથી પીડિત થતાં જૂનાગઢમાં રહ્યા હતા. ત્યાંથી શ્રીસંઘે કોઇ શિષ્યને આચાર્યપદ આપવા વિનંતિ કરી; જેથી સૂરિજી બોલ્યા કે મારૂં આયુષ્ય પાંચ વરસ એક માસ ને નવ દિવસ છે. સત્યાદેવીએ કહેલ શિષ્ય પણ વિદ્યમાન છે, સમયે તેને સૂરિપદ આપીશ. ફરી પણ સંઘે વિનંતિ કરવાથી સૂરિજીએ પ્રસન્ન થઇ મેરૂગિરિ નામના પોતાના શિષ્યને સંવત્ ૧૩૭૧ ના ફાલ્ગુન શુદ ૫ ના રોજ શ્રી **કક્કસૂરિ** કર્યા. સૂરિપદ મહોત્સવ મંત્રી **ધારસિંહે** કર્યો. પાંચ દિવસ ત્યાં જ ઉત્સવપૂર્વક રહી શ્રી સિદ્ધસૂરિ ત્યાંથી દેશલશાહના સંઘ સાથે મળ્યા અને પુનઃ શત્રુંજયની યાત્રા કરી હતી.

ત્યારબાદ સમરાશાહ સંઘ સાથે ગુજરાતમાં આવ્યા. **પીપલાલી** અને **લોલીયાણા**પુરમાં રાજલોકને રંજિત કરી **રાણપુર** પહોંચ્યા. **વઢવાણ**માં વિલંબ નહિ કરતાં **કરીર** ગામે જમ્યા. **માંડલ** થઇ ( પાટડી ) પાડલમાં જીવિતસ્વામી **નેમિનાથ**ને નમ્યા. ત્યાંથી સંખેશ્વરજીમાં **શ્રી પાર્શ્વજિનેંદ્ર**ને પૂજ્યા. શત્રુંજયની યાત્રા કરી દેશલશાહ ગુરૂ સાથે પાટલાપુર ગયા. શ્રી શંખેશ્વરપુરમાં બિરાજમાન પાર્શ્વ જિનેશ્વર જે પ્રાણતદેવલોકના સ્વામીથી પૂર્વે લાંબા વખત સુધી પૂજાયેલા છે. ૫૪ લાખ વર્ષો સુધી પ્રથમ ગો(કલ્પ)માં તેના સ્વામીથી પૂજાયા, તેટલા લાખવર્ષોસુધી **સૂર્યેન્દ્રે** તથા **ચંદ્રેન્દ્રે** અને પાતાલમાં **તક્ષક** નાગપતિએ પણ પૂજ્યા હતા. તે તીર્થમાં મહાદાન, મહાપૂજા, મહાધ્વજા, સર્વ કરી પ્રભુને પ્રણામ કરી **હારીજ** ગામમાં જઇ શ્રી **રૂષભદેવ** જિનને નમી પત્તનપુર તરફ પ્રયાણ કર્યું. પ્રથમ **સોઇલ** ગામે દેસલ સહિત શ્રીસંઘ આવ્યો. મંત્રીપુત્ર **મીર** અને ઉત્તમ વેપારીઓ મળ્યા. સમરાશાહે પ્રવેશ કર્યો. ત્યાંથી હવે પછી પાટણમાં પ્રવેશ કરવા માટે શ્રીસંઘ આગળ ચાલ્યો.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પાંચમાના પૃષ્ઠ ૧૦૫ થી શરૂ. )

ત્યારબાદ મંખલીપુત્ર **ગોશાલે** મને તન્તુવાયની શાળામાં નહિ જોવાથી રાજગૃહ નગરની બહાર ને અંદર ચોતરફ મારી ગવેષણા–તપાસ કરી, પરંતુ મારી કયાંય પણ શ્રુતિક્ષુતિ શબ્દ કે પ્રવૃત્તિ નહિ મળવાથી જ્યાં તન્તુવાયની શાળા હતી ત્યાં તે ગયો. ત્યાં જઇને તેણે **શાટિકા** અંદરના વસ્ત્રો, **પાટિકા** ઉપરના વસ્ત્રો, **કુંડીઓ** ઉપાનહ પગરખાં અને **ચિત્રપટને** બ્રાહ્મણોને આપીને દાઢી અને મૂછનું મુંડન કરાવ્યું, ત્યારબાદ તન્તુવાયની શાળા થકી નીકળી નાલંદાના બહારના મધ્ય ભાગમાં થઇ જ્યાં **કોલ્લાક** નામે સન્નિવેશ છે ત્યાં આવ્યો. ત્યાર પછી કોલ્લાક સન્નિવેશના બહારના ભાગમાં ઘણા માણસો પરસ્પર આ પ્રમાણે કહે છે, યાવત્ પ્રરૂપે છે, કે હે દેવાનુપ્રિયો ! બહુલ નામે બ્રાહ્મણ ધન્ય છે, ઇત્યાદિ પૂર્વે કહ્યા પ્રમાણે કહેવું. યાવત્ બહુલ બ્રાહ્મણનો જન્મ અને જીવિતવ્યનું ફલ પ્રશંસનીય છે, તે વખતે ઘણા માણસો પાસેથી આ વાત સાંભળીને અને અવધારીને મંખલિપુત્ર ગોશાલને આવા પ્રકારનો વિચાર યાવત્ ઉત્પન્ન થયો. મારા **ધર્માચાર્ય** અને ધર્મોપદેશક શ્રમણ ભગવાન **મહાવીરને** જેવી ઋદ્ધિ, દ્યુતિ, તેજ, યશ, બળ, વીર્ય અને પુરૂષાકાર પરાક્રમ લબ્ધ છે–પ્રાપ્ત થએલ છે, સન્મુખ થયેલ છે તેવા પ્રકારના ઋદ્ધિ કાંતિ તેજ યાવત્ પુરૂષાકાર પરાક્રમ અન્ય કોઈ તેવા પ્રકારના શ્રમણ યા બ્રાહ્મણને લબ્ધ, પ્રાપ્ત કે સન્મુખ થયેલ નથી, તે માટે અવશ્ય અહિં મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ ભગવંત મહાવીર હશે એમ વિચારીને કોલ્લાક સન્નિવેશની બહાર અંદર ચોતરફ મારી માર્ગણા અને ગવેષણા કરવા લાગ્યો. ચોતરફ મારી ગવેષણા કરતાં કોલ્લાક સન્નિવેષના બહારના ભાગમાં મનોજ્ઞ ભૂમિને વિષે મને તે મળ્યો. ત્યારબાદ તે મંખલીપુત્ર ગોશાલ પ્રસન્ન અને સંતુષ્ટ થઈ મને ત્રણવાર પ્રદક્ષિણા કરી યાવત નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યો “ હે ભગવાન્ ? તમે મારા **ધર્માચાર્ય** છો અને હું તમારો **શિષ્ય** છું. ત્યારે હે ગૌતમ, મેં મંખલિપુત્ર ગોશાલકની એ વાતને **સ્વીકારી.** ત્યારબાદ હે ગૌતમ ! મંખલીપુત્ર ગોશાલની સાથે **પ્રણીત** ભૂમિને વિષે છ વર્ષ સુધી લાભ અલાભ સુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ સત્કાર અને અસત્કારનો અનુભવ કરતો અને તેની અનિત્યતાનો વિચાર કરતો વિહરવા લાગ્યો.

ત્યારબાદ હે ગૌતમ, અન્ય કોઇ દિવસે પ્રથમ શરદ્કાળના સમયમાં જ્યારે વૃષ્ટિ થતી ન હતી ત્યારે મેં મંખલિપુત્ર ગોશાલકની સાથે **સિદ્ધાર્થ** ગ્રામનામે નગરથી **કુર્મગ્રામ** નામે નગર તરફ જવા માટે પ્રયાણ કર્યું. સિદ્ધાર્થગ્રામ નામે નગર અને કુર્મગ્રામ નગરની વચ્ચે અહિં એક મોટો તલનો છોડ પત્રવાળો, પુષ્પવાળો, લીલોછમ અત્યંત શોભતો અને શોભાવડે અધિક અધિક દીપતો હતો. હવે તે મંખલિપુત્ર ગોશાલે તે તલના છોડને જોયો, જોઇને મને વંદન અને નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું કે હે ભગવન ! આ તલનો છોડ નીપજશે કે નહિં નીપજે ? આ સાત તલના પુષ્પના જીવો મરી મરીને કયાં જશે અને કયાં ઉપજશે ? હે ગૌતમ, ત્યારે મંખલીપુત્ર ગોશાલને મેં આ પ્રમાણે કહ્યું. હે ગોશાલા, આ તલનો છોડ નીપજશે નહિં. આ સાત તલના પુષ્પના જીવો મરીને આજ તલના છોડની એક તલફળીને વિષે સાત તલરૂપે ઉપજશે. ત્યારે એ પ્રમાણે કહેતાં મારી આ વાતની મંખલીપુત્ર ગોશાલકે શ્રદ્ધા પ્રતીતિ તેમ રૂચિ ન કરી. આ વાતની શ્રદ્ધા નહિ કરતાં-પ્રતીતિ નહિ કરતાં અને અરૂચિ કરતાં મારા **નિમિત્તે** આ " **મિથ્યાવાદી** થાઓ " એમ સમજી મારી પાસેથી ધીમે ધીમે ગયો, અને જ્યાં તે તલનો છોડ હતો ત્યાં આવીને તેણે તે તલના છોડને માટી સહિત મૂળથી ઉખેડી નાંખ્યો, ઉખેડીને તેને એક સ્થાને મૂકયો. હે ગોતમ ! તત્કાળજ આકાશમાં દિવ્ય વાદળ થયું અને તે દિવ્ય વાદળ ક્ષણવારમાંજ ગર્જના કરવા લાગ્યું. એકદમ **વીજળી** ચમકવા લાગી અને તુરતજ અત્યંત પાણી અને અત્યંત કાદવ ન થાય તેવી થોડા પાણીના બિંદુવાળી રજ અને ધૂળને શાંત કરનાર એવી **દિવ્ય ઉદકની વૃષ્ટિ** થઈ (અથવા સીતાદીક મહા નદીઓના પાણી જેવા પાણીની વૃષ્ટિ થઇ ) જેથી કરીને તલનો છોડ **સ્થિર** થયો, વિશેષ સ્થિર થયો, ઉઠયો અને બદ્ધમૂળ થઈ ત્યાંજ પ્રતિષ્ઠિત થયો. તે સાત તલ પુષ્પના જીવો મરણ પામીને તેજ તલના છોડની એક તલફળીમાં સાત **તલરૂપે** ઉત્પન્ન થયા.

૬ ત્યારબાદ હે ગૌતમ ! હું મંખલિપુત્ર ગોશાલની સાથે જ્યાં **કુર્મગ્રામ** નામે નગર છે ત્યાં આવ્યો, તે વખતે કૂર્મગ્રામ નગરની બહાર **વેશ્યાયન** નામે બાલ **તપસ્વી** નિરંતર છઠ્ઠના તપ કરવાવડે પોતાના બન્ને હાથ ઉંચા રાખીને સૂર્યના સન્મુખ ઉભો રહી આતાપના ભૂમિને વિષે આતાપના લેતો વિહરતો હતો, સૂર્યના તેજવડે તપેલી **ચુકાઓ** ચોતરફથી નીકળતી હતી અને તે સર્વ પ્રાણભૂત-જીવ-અને સત્વની દયાને માટે પડી ગયેલી તે ચુકાઓને પાછી ત્યાંને ત્યાં મુકતો હતો. હવે તે મંખલિપુત્ર ગોશાલકે **વેશ્યાયન**-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામે બાલ તપસ્વીને જોયો, જોઇને મારી પાસેથી તે ધીમે ધીમે પાછો ગયો, પાછો જઇને જ્યાં **વેશ્યાયન** નામે બાલ તપસ્વી હતો ત્યાં આવી વેશ્યાયન નામે બાલ તપસ્વીને આ પ્રમાણે કહ્યું. "શું તમે મુનિ છો કે **મુનિ–ચસકેલ** છો અથવા **ચુકાના શય્યાતર** છો ? ત્યારે તે વેશ્યાયન નામે બાલ તપસ્વીએ મંખલિ પુત્ર ગોશાલકના એ કથનનો આદર અને સ્વીકાર કર્યો નહિ; પરન્તુ મૌન ધારણ કર્યું. ત્યારે તે મંખલિપુત્ર ગોશાલકે વેશ્યાયન નામે બાલ તપસ્વીને બીજીવાર અને ત્રીજીવાર પણ એ પ્રમાણે કહ્યું કે તમે મુનિ છો–ચસકેલ છો કે ચુકા-ના શય્યાતર છો ? જ્યારે મંખલીપુત્ર ગોશાલકે બીજીવાર અને ત્રીજીવાર એ પ્રમાણે કહ્યું ત્યારે તે વેશ્યાયન નામે બાલ તપસ્વી એકદમ કુપિત થયો અને યાવત્ ક્રોધે ધમધમાયમાન થઈ આતાપના ભૂમિથી નીચે ઉતર્યો. નીચે આવીને તેજઃ સમુદ્ઘાત કરી **સાત આઠ પગલા** પાછો ખસી મંખલિપુત્ર ગોશાલકના **વધને** માટે તેણે શરીરમાંથી **તેજોલેશ્યા** બહાર કાઢી, ત્યાર બાદ હે ગૌતમ ! મંખલિપુત્ર ગોશાલકના ઉપર **અનુકંપાથી** વેશ્યાયન બાલ તપસ્વીની તેજોલેશ્યાનું પ્રતિસંહરણ કરવા માટે આ પ્રસંગે મેં શીત તેજોલેશ્યા બહાર કાઢી અને મારી **શીત તેજોલેશ્યા** એ વેશ્યાયન બાલ તપસ્વીની ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રતિઘાત કર્યો, ત્યારપછી તે વેશ્યાયન બાલતપસ્વીએ મારી શીત તેજોલેશ્યાથી પોતાની ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રતિઘાત થયેલો જાણીને મંખલીપુત્ર ગોશાલકના શરીરને કંઇપણ થોડી કે વધારે પીડા અથવા અવયવનો છેદ નહિ કરાયેલો જોઇને પોતાની ઉષ્ણ તેજોલેશ્યાને **પાછી ખેંચી** લીધી. પોતાની ઉષ્ણ તેજોલેશ્યાને પાછી ખેંચીને તે આ પ્રમાણે બોલ્યોઃ હે ભગવન્ ! મેં જાણ્યું, હે ભગવન્ ! મેં જાણ્યું. ત્યારપછી મંખલીપુત્ર ગોશાલકે મને એ પ્રમાણે કહ્યું કે હે ભગવન્, આ ચુકાના શય્યાતર બાલતપસ્વીએ આપને "હે ભગવન્ મેં જાણ્યું, હે ભગવન્ મેં જાણ્યું" એમ શું કહ્યું ત્યારે હે ગૌતમ, મંખલિપુત્ર ગોશાલકને મેં આ પ્રમાણે કહ્યું કે હે ગોશાલક, તેં વેશ્યાયન બાલતપસ્વીને જોયો અને જોઇને મારી પાસેથી ધીમે ધીમે તું પાછો ગયો. પાછો જઇને જ્યાં વેશ્યાયન બાલતપસ્વી હતો ત્યાં ગયો અને ત્યાં જઇને તે વેશ્યાયન બાલ તપસ્વીને એમ કહ્યું કે શું તમે **મુનિ** છો–**ચસકેલ** છો કે **ચુકાના શય્યાતર** છો ? તો પણ વેશ્યાયન બાલતપસ્વીએ તારા એ કથનનો આદર સ્વીકાર ન કર્યો અને તે મૌન રહ્યો, ત્યાર બાદ હે ગોશાલક ? તેં વેશ્યાયન બાલતપસ્વીને બીજીવાર અને ત્રીજીવાર પણ એ પ્રમાણે કહ્યું કે–તમે મુનિ છો, ચસકેલ છો કે ચુકાના શય્યાતર છો, ત્યાર બાદ જ્યારે તેણે બીજીવાર અને ત્રીજીવાર એ પ્રમાણે કહ્યું એટલે તે વેશ્યાયન બાલ તપસ્વી ગુસ્સે થયો અને યાવત્ પાછો જઇને તારો વધ કરવા માટે તેણે શરીરમાંથી તેજોલેશ્યા બહાર કાઢી. ત્યાર પછી હે ગોશાલક ! મેં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તારી દયાથી વેશ્યાયન બાલ તપસ્વીની તેજોલેશ્યાનું પ્રતિસંહરણ કરવા માટે એ અવસરે મેં શીત તેજોલેશ્યા મૂકી. યાવત્ તેણે તેની ઉષ્ણુ તેજોલેશ્યા પ્રતિઘાત થયેલી જાણીને અને તારા શરીરને કંઈપણ થોડી કે વધારે પીડા અથવા અવયવનો છેદ નહિ કરાયેલો જોઈને પોતાની ઉષ્ણ તેજોલેશ્યા પાછી ખેંચી લીધી અને પાછી ખેંચીને મને એ પ્રમાણે કહ્યું કે હે ભગવન્! મેં જાણ્યું હે ભગવન્ મેં જાણ્યું. ત્યારબાદ મંખલીપુત્ર ગોશાલક મારી પાસેથી આ વાત સાંભળી હૃદયમાં અવધારી ભય પામ્યો યાવત્ ભયભીત થઈ મને વંદન અને નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યો, હે ભગવન્ (અ પ્રયોગકાળે) સંક્ષિપ્ત અને (પ્રયોગકાળે) વિપુલ તેજોલેશ્યા કેમ પ્રાપ્ત થાય? ત્યારે હે ગૌતમ! મંખલીપુત્ર ગોશાલકને મેં આ પ્રમાણે કહ્યું. હે ગોશાલક! જે નખ સહિત વાળેલી અડદના બાકુળાની મુઠીવડે અને એક વિકટાશય એક ચુલુક પાણીવડે નિરંતર છઠ્ઠનો તપ કરી ઉંચા હાથ રાખીને યાવત્ વિહરે તેને છ માસને અંતે (અ પ્રયોગકાળે) સંક્ષિપ્ત અને (પ્રયોગકાળે) વિસ્તીર્ણ એવી તેજોલેશ્યા પ્રાપ્ત થાય, ત્યારપછી મંખલીપુત્ર ગોશાલકે મારા આ કથનનો વિનયવડે સારીરીતે સ્વીકાર કર્યો.

ત્યારબાદ હે ગૌતમ! અન્ય કોઈ દિવસે મંખલીપુત્ર ગોશાલકની સાથે કૂર્મ ગ્રામનગરથી સિદ્ધાર્થ ગ્રામનગર તરફ જવા માટે મેં પ્રયાણ કર્યું, જ્યારે અમેં જ્યાં તે તલનો છોડ હતો તે પ્રદેશ તરફ તુરત આવ્યા, ત્યારે મંખલીપુત્ર ગોશાલકે મને એ પ્રમાણે કહ્યું હે ભગવન્! તમે મને તે વખતે એ પ્રમાણે કહ્યું હતું યાવત્ એમ પ્રરૂપ્યું હતું કે હે ગોશાલક! આ તલનો છોડ નીપજશે, નહિ નીપજે એમ નહિ ઇત્યાદિ યાવત્ તલ રૂપે ઉપજશે તે મિથ્યા અસત્ય થયું" આ પ્રત્યક્ષ દેખાય છે કે આ પેલો તલનો છોડ ઉગ્યો નથી અને તેથી ઉગ્યા સિવાય તે સાત તલ પુષ્પના જીવો મરણ પામીને આજ તલના છોડની એક તલફળીમાં સાત તલ રૂપે ઉત્પન્ન થયા નથી. ત્યારપછી મંખલીપુત્ર ગોશાલકને મેં એ પ્રમાણે કહ્યું કે હે ગોશાલક! તે વખતે એ પ્રમાણે કહેતાં યાવત્ પ્રરૂપણા કરતાં મારા એ કથનની તું શ્રદ્ધા કરતો ન હતો, પ્રતીતિ કરતો ન હતો, રૂચી કરતો ન હોતો, એ કથનની શ્રદ્ધા નહિ કરતાં પ્રતિતિ નહિ કરતાં અને રૂચિ નહિ કરતાં મનેઆશ્રયી મારા આ નિમિત્તે આ મિથ્યાવાદી થાઓ એમ સમજી મારી પાસેથી ધીમે ધીમે તું પાછો ગયો, પાછો જઇને જ્યાં તે તલનો છોડ હતો ત્યાં આવી યાવત્ તેને માટી સહિત ઉખેડીને એકાંતે મૂકયો, હે ગોશાલક! તે વખતે તત્ક્ષણમાં આકાશમાં દિવ્ય વાદળ પ્રગટ થયું, ત્યારબાદ તે દિવ્ય પાણીનું વાદળ એકદમ ગર્જના કરવા લાગ્યું. ઈત્યાદિ યાવત તે તલના છોડની એક તલફળીમાં સાત તલ રૂપે ઉત્પન્ન થયા છે. એ પ્રમાણે હે ગોશાલક! વનસ્પતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાયિકો મરીને **પ્રવૃત પરિહારનો પરિહાર ઉપભોગ** કરે છે, અર્થાત્ મરીને તેજ શરીરમાં પુનઃ ઉપજે છે, ત્યારપછી મંખલીપુત્ર ગોશાલકે એ પ્રમાણે કહેતા યાવત્ પ્રરૂપણા કરતાં મારા આ કથનની શ્રદ્ધા પ્રતીતિ અને રૂચિ ન કરી. આ કથનની અશ્રદ્ધા યાવત્ અરૂચિ કરતાં જ્યાં તે તલનો છોડ હતો ત્યાં જઇને તેણે તે તલના છોડથી તે તલની તલફળીને તોડીને હસ્તતળમાં મસલી સાત તલ બહાર કાઢ્યા. ત્યારબાદ મંખલીપુત્ર ગોશાલકને તે સાત તલને ગણતાં આવા પ્રકારનો સંકલ્પ યાવત....ઉત્પન્ન થયો કે એ પ્રમાણે ખરેખર સર્વ જીવો પ્રવૃત પરિહાર પરિહરે છે અર્થાત્ **મરીને તેજ શરીરમાં ઉત્પન્ન થાય છે.** હે ગૌતમ ! મંખલીપુત્ર ગોશાલકનો આ **પરિવર્ત વાદ** છે, હે ગૌતમ ! મારી પાસેથી ( તેજોલેશ્યાનો ઉપદેશ ) ગ્રહણ કરીને મંખલીપુત્ર ગોશાલકનું આ અપક્રમણ ( જુદા પડવું ) છે.

૮ ત્યારપછી મંખલીપુત્ર ગોશાલક નખ સહિત અડદના બાકુળાની મુઠી વડે અને એક વિકટાશય ચુલુક પાણીવડે નિરન્તર છઠ્ઠ છઠ્ઠનો તપ કરી ઉંચા હાથ રાખી રાખીને વિચરે છે. ત્યારબાદ તે મંખલીપુત્ર ગોશાલકને છ માસને અન્તે સંક્ષિપ્ત અને વિપુલ **તેજોલેશ્યા** ઉત્પન્ન થઇ.

ત્યાર પછી તે મંખલીપુત્ર ગોશાલકને અન્ય કોઇ દિવસ આ છ **દિશાચરો** આવી મળ્યા; તેના નામ આ પ્રમાણે ૧ જ્ઞાન-ઇત્યાદિ સર્વ પૂર્વોક્ત યાવત્ જિન નહિ છતાં જિનશબ્દને પ્રકાશિત કરતાં તે વિહરે છે ત્યાંસુધી કહેવું. માટે હે ગૌતમ ! મંખલીપુત્ર ગોશાલક ખરી રીતે **જિન નથી** પરન્તુ **જિનનો પ્રલાપ કરતો** યાવત જિન શબ્દનો પ્રકાશ કરતો વિહરે છે. મંખલીપુત્ર ગોશાલક અજિન છે તો પણ પોતાને જિન કહેતો યાવદ્....જિન શબ્દનો પ્રકાશ કરતો તે વિહરે છે. ત્યાર બાદ અત્યન્ત મોટી પર્ષદા **શિવરાજર્ષિ**ના ચરિત્રને વિષે કહ્યું છે તેમ વાંદીને પાછી ગઈ. ત્યારપછી **શ્રાવસ્તી**નગરીમાં શૃંગાટક ત્રિક માર્ગ યાવત્ રાજમાર્ગમાં ઘણા માણસો પરસ્પર યાવત.....પ્રરૂપણા કરે છે કે હે પ્રિયો ! મંખલીપુત્ર ગોશાલક જિન થઇ જિનનો પ્રલાપ કરતો યાવત વિહરે છે તે મિથ્યા અસત્ય છે. **શ્રમણ ભગવાન્ મહાવીર** એમ કહે છે–યાવદ્....પ્રરૂપે છે કે એ પ્રમાણે ખરેખર તે મંખલીપુત્ર ગોશાલક નામે મંખ ( ભીક્ષાચર વિશેષ ) પિતા હતો. હવે તે મંખલીને....ઇત્યાદિ સર્વ યાવત્ જિન નહિં છતાં જિનશબ્દનો પ્રકાશ કરતો વિહરે છે, ત્યાંસુધી કહેવું. તે માટે મંખલીપુત્ર ગોશાલક જિન નથી પરન્તુ જિનનો પ્રલાપ કરતો યાવદ્ વિહરે છે. શ્રમણ ભગવાન્ મહાવીર જિન છે અને જિનપ્રલાપી યાવત્ જિનશબ્દનો પ્રકાશ કરતા વિહરે છે.” ત્યારબાદ તે મંખલીપુત્ર ગોશાલક ઘણા માણસો પાસેથી આ કથન સાંભળી વિચારી અત્યન્ત ગુસ્સે થયો, યાવત અતિશય ક્રોધે બળતો તે આતાપના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દ્રવ્યગુણપર્યાય વિવરણ.

( અનુસંધાન પૃષ્ટ ૧૦૯ થી શરૂ. )

## ભૂતપદાર્થ વિષયનું જ્ઞાન સર્વથા અસત્ નથી.

**નૈયાયિકોની** માન્યતા છે કે અધુના એટલે અવિદ્યમાન ઘટ આદિ પદાર્થનું જ્ઞાન અતિત એટલે ભૂત પદાર્થના વિષયવાળું થાય છે. તેના કારણમાં અને અવિદ્યમાનરૂપ ઘટ આદિ કાર્ય મૃત્તિકાને કુંભાર આદિ સામગ્રીથી ઉત્પન્ન થાય છે.

નૈયાયિકોને ઉત્તર આપતાં કહે છે કે નૈયાયિકોનું કથન વ્યાજબી નથી, કારણ કે ઘટાદિ જે પદાર્થ છે તે સર્વથા અસત્ નથી; કારણ કે અતિત વિષય વાળો જે ઘટ તે પર્યાયાર્થિક નયથી નથી સમજવાનો પણ દ્રવ્યાર્થિક નયથી તે નિત્ય છે, જેથી ઘટનો નાશ થઇ ગયા પછી પણ તે માટી રૂપે વિદ્યમાન રહે છે. જો તે ઘટદ્રવ્ય સર્વથા ના હોત તો સસલાના શીંગડાની પેઠે સર્વથા અભાવ થઇ જાત. જે પદાર્થ સર્વથા અવિદ્યમાનપણે જ્ઞાનમાં ભાસે છે તે પદાર્થમાં વિદ્યમાનપણું કેવી રીતે આવી શકે તેથી કરીને કંઈ ભૂત વિષય છે તે સર્વથા અસત્ નથી પરંતુ સત્રૂપે જ પ્રવર્તે છે.

જે વસ્તુ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્યપણે વર્તે છે તે વસ્તુમાં આકારનો અભાવ હોવાથી પર્યાયાર્થિક નયથી તેને અનિત્યપણું દેખાય છે, બાકી કોઇપણ પદાર્થ સર્વથા અસત્ નથી.

## સત્ પદાર્થની ઉત્પત્તિ થવાનું કારણ.

દ્રવ્યમાં સમવાયી ભૂતવિષય પદાર્થ રહેલો છે તે કારણનો ઉદય થવાથી તે કાર્યપણાને પ્રાપ્ત થઇને દેખાય છે તેથી કરીને જ સત્ પદાર્થની ઉત્પત્તિ થાય છે પણ અસત્ પદાર્થની થતી નથી.

## અતીત પદાર્થનો ભાસ જ્ઞાન–સ્વભાવમાં થતો નથી.

અતીત પદાર્થનો ભાસ જ્ઞાન સ્વભાવમાં થઇ શકે નહિ અને જો થઇ શકતો હોય તો સંસારના તમામ પદાર્થનો પણ જ્ઞાનમાં ભાસ થવો જોઇએ પણ તેમ થતો નથી.

---

ભૂમિથી નીચે ઉતર્યો, આતાપના ભૂમિથી નીચે ઉતરી શ્રાવસ્તી નગરીના મધ્ય-ભાગમાં થઇને જ્યાં **હાલાહલા**કુંભારણનો કુંભકારાપણ–હાટ છે ત્યાં આવ્યો, આવીને હાલાહલા કુંભારણના કુંભકારાપણ–હાટમાં **આજીવિકસંઘ** વડે સહિત અત્યન્ત અમર્ષને ધારણ કરતો એ પ્રમાણે વિહરવા લાગ્યો. **ચાલુ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### બાહ્યાકાર અસત્ દેખાય છે તેનું કારણ.

બાહ્યાકાર જે અસત દેખાય છે તેનું કારણ અનાદિ અજ્ઞાન છે; કારણકે અનાદિ કાળના અજ્ઞાનને લઈને બાહ્યાકાર સ્વપ્નના પદાર્થની જેમ અસત્ દેખાય છે.

### અસત્ પદાર્થનો ભાસ થવાનું કારણ જ્ઞાન નથી.

અસત્ પદાર્થનો ભાસ થવાનું કારણ જો જ્ઞાન માનવામાં આવે તો આખું જગત્ જ્ઞાનાકારપણે જ થઈ જાય. બાહ્યાકારપણે દેખાતા પદાર્થો બાહ્યદષ્ટિથી અસત્ છે જેથી બાહ્યાકાર રહિત શુદ્ધ જ્ઞાનમાં જ અછતા પદાર્થનો ભાસ થાય છે એમ જો કહેવામાં આવે તો અનાદિની અજ્ઞાન વાસનાનો અભાવ સિદ્ધ થશે, માટે સમજવાનું કે બાહ્યાકારમાં અનાદિ અજ્ઞાનવાસનાને લઈને જ અસત્ પદાર્થનો ભાસ થાય છે.

### પદાર્થમાં આકારો ઉત્પન્ન થવાનું કારણ.

સત્ પદાર્થનાં અનેક કારણો જે તિરોભાવ શકિતપણે ગુપ્તરૂપે રહેલા છે તેનાથી બાહ્ય દેખાતા આકારો ઉત્પન્ન થાય છે.

### મૂળ દ્રવ્યરૂપથી કોઇ પદાર્થનો ઉત્પત્તિ તથા નાશ નથી.

મૂળ દ્રવ્યરૂપથી કોઈપણ પદાર્થની ઉત્પત્તિ યા તો નાશ થતો નથી.

### પર્યાયનો દ્રવ્યની સાથે સંબંધ.

પર્યાયમાં દ્રવ્યનો અન્વય સંબંધ સ્પષ્ટપણે દેખાઈ આવે છે, માટે દ્રવ્ય પદાર્થમાં ઉત્પત્તિએ નથી ને વિનાશ પણ નથી.

### પદાર્થની ઉત્પત્તિને નાશ થવાનું કારણ.

પર્યાયથી સર્વ પદાર્થની ઉત્પત્તિ ને નાશ બન્ને થાય છે.

### નિશ્ચયરૂપ અને ચલાયમાન અનુભવ.

જે પર્યાય દ્રવ્યમાં સતપણે હોય તેમાં તેનો નિશ્ચયરૂપનો અનુભવ થાય છે અને જે પર્યાય દ્રવ્યમાં અસતપણે છે તે પર્યાયમાં જે અનુભવ થાય છે તે ચલાયમાન રહે છે. દાખલા તરીકે કમળાના રોગને લીધે શંખ ધોળો છતાં પીળા રંગનો દેખાય છે અને તેજ કમળાનો રોગ જ્યારે દૂર થાય છે ત્યારે શંખનું મૂળ ઉજ્જવલરૂપ દેખાય છે. કારણ કે શંખમાં પીતાદિ પર્યાયનો અનુભવ તે અવિચળપણે નથી પણ ચલાયમાનરૂપે રહે છે. આ ઉપરથી સમજવાનું એ છે કે શંખમાં જે પીળાપણું દેખાય છે તે કમળાના રોગથી પીળાપણું દેખાય છે, પણ જ્યારે તે નેત્ર-રોગ દૂર થાય છે ત્યારે તે ઉજ્જવલ દેખાય છે અને ભ્રાન્તિનો આપોઆપ નાશ થાય છે અને આમ થવામાં કંઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સેવા ધર્મના મંત્રો.

( ગતાંક પૃષ્ટ ૧૩૫ થી શરૂ )

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

જ્યારે તમે કોઇ માણસને મદદ કરો ત્યારે યાદ રાખવું કે તેના અવગુણો વધારનારી શક્તિ તમારી મદદને લઇને ભવિષ્યમાં સદ્‌ગુણોની પોષક બની શકે. શક્તિને બદલવાનું કામ તમારૂં નથી, તેનું સ્વરૂપ અને દિશા બદલવાનું જ તમારૂં કર્તવ્ય છે.

' જો મારી પાસે વધારે સાધનો હોત તો હું કેટલી બધી સેવા કરી શકત ' એ વિચાર કરવાને બદલે જે સાધનો આજે તમારી પાસે મોજુદ છે તે વડે જે થોડી ઘણી મદદ થઇ શકે તે બહુ કિંમતી છે.

---

હેતુનો અભાવ નથી. વસ્તુમાં કૃત્રિમ સ્વભાવ છે, એમાં બીજા પદાર્થનો વ્યાપાર કંઇપણ કરી શકતો નથી; પરંતુ જે કારણથી કૃત્રિમ સ્વભાવ ઉત્પન્ન થયો હોય છે તે કારણની નિવૃત્તિ થશે તો પર્યાય સ્વયમેવ નષ્ટ થઇ જાય છે.

## ભૂતપદાર્થ વર્તમાન પર્યાયથી વર્તમાનપણે જણાય છે.

ભૂતપદાર્થ વર્તમાન પર્યાયથી વર્તમાનપણે જણાય છે. દાખલા તરીકે દ્રવ્યથી સતરૂપ અતીત ઘટને વિષે વર્તમાન જ્ઞેય આકારરૂપ પર્યાયથી હમણાં અતીત ઘટનું જ્ઞાન થાય છે. ઘટને વિષે વર્તમાન જ્ઞેય આકારરૂપ પર્યાયથી ઘટનું જ્ઞાન થાય છે. બાકી સર્વથા જ્ઞાન સ્વભાવથી અછતા પદાર્થનું જ્ઞાન થતું નથી અને જો તેમ ન માનો તો અતીત પદાર્થ જે ઘટાદિની ઘટનો આકાર જોઇ ખબર પડી કે તે ઘટ છે. બાકી જો સર્વથા જ્ઞાન થતું હોય તો તેનું સર્વકાળે જ્ઞાન થવું જોઇએ. અતીત પદાર્થ જાણ્યો એમ જે કહેવાય છે તે વર્તમાન પર્યાયથી તો વર્તમાનપણું થયું એમ સમજવું. અતીત ઘટરૂપ ધર્મી અસત્ હોવા છતાં સર્વ કાળે ભાસતો નથી. જે પદાર્થ અસત્ છે તેનું જ્ઞાન કોઇપણ કાળને વિષે થઇ શકતું નથી. તેમ અવિદ્યમાન પદાર્થની ઉત્પત્તિનો પણ કદાપિ સંભવ જણાતો નથી. સત્ પદાર્થનું જ જ્ઞાન અને સતપદાર્થનીજ ઉત્પત્તિ સંભવે છે. કાર્ય અને કારણનો નિશ્ચયથી જ અભેદ છે તેમ દ્રવ્ય ગુણ અને પર્યાયનો પણ નિશ્ચયથી અભેદ છે. માટે તે ત્રણેનો અભેદ સ્વીકારવો અને જે ભેદ જણાય છે તે વ્યવહારથીજ છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામા માણુસમાં જે સદ્‌ગુણુની ખામી હોય તે સદ્‌ગુણુનું પ્રત્યક્ષ દર્શન તેને આપણુા પોતાના વ્યવહારથી જ કરાવી દેવું એજ તેની મોટામાં મોટી સેવા છે.

તમે રાતદિવસ બીજા લોકોની જે સેવા કરી રહ્યા છો એની કિંમત આંકવાનો સીધો, સરલ અને સાચો રસ્તો એ જોઇ લેવામાં છે કે તેને લઇને તમારા જીવનમાં વિશેષ શાંતિ, વિશેષ સંતોષ તથા વિશેષ ચારિત્રનો પ્રવેશ થયો છે કે નહિ ?

તમારી શક્તિ અનુસારની તમામ સેવાની આશા દુનિયા તમારી પાસેથી રાખે છે. જે બીજાની શક્તિનો વિષય છે તેની આશા તમારી પાસેથી રાખવામાં નથી આવતી. એટલે તમે તમારી શક્તિ અનુસાર જે કાંઈ કરતા હો તેનાથી તમારે સમજી લેવું કે તમે તમારા કર્તવ્યનું ઠીકઠીક પાલન કરો છો.

કદિ તમારી સેવા સ્વીકારવામાં કોઈ આનાકાની કરે તો તે માટે તમારે તેની સેવા કરતાં વિમુખ ન થવું. જે માણુસ સેવાનો અનાદર કરે છે તેને છેવટે વધારે સેવાની જરૂર પડે છે.

કોઇ પ્રેમવશાત્ તમારી સેવા કરવા માગે તો તેને ના પાડતી વખતે એટલું જરૂર ધ્યાનમાં રાખવું કે પ્રેમપૂર્વક મદદ કરવાથી જેટલી સેવા થાય છે તેટલી જ પ્રેમપૂર્વક મદદ સ્વીકારવાથી પણુ થાય છે.

આપણી શક્તિ અનુસાર સમજપૂર્વક ખરા દિલથી સેવા કરી ચૂકયા પછી તેના પરિણામની ચિંતા કદિ પણુ ન કરવી. કેમકે સેવાની નિર્મળતા સેવકને શાંતિના રૂપમાં આપોઆપ મળે છે અને જેની સેવા કરવામાં આવે છે તે સુખપૂર્ણ વાતાવરણુમાં રહેવા લાગે છે.

સેવાનો સર્વોત્તમ બદલો હૃદયને વિશેષ પ્રેમમય બનાવવાની શક્તિમાં તથા તે દ્વારા વધારે સેવા કરવાની શક્તિમાં જ રહેલો છે.

જે મનુષ્યનું હૃદય સુખનો અનુભવ નથી કરતું તે સાચી સેવા પણુ નથી કરી શકતો.

કદિ તમે કોઈ મનુષ્યની વિશુદ્ધ પ્રેમપૂર્વક સેવા કરી હોય તો પછી તમારી સેવામાં વિવેકબુદ્ધિની ખામી હોય તોપણુ જેની તમે સેવા કરી હોય છે તેને આખરે જરાપણુ નુકશાન થશે નહિ. તમારા પ્રેમની શક્તિ તમારી વિવેકબુદ્ધિની ખામીથી થનારા નુકશાનથી તે મનુષ્યને બચાવી લેશે.

જે નબળાઇ અથવા ત્રુટિને માટે તમારે ક્ષમા માગવી પડે છે તે નબળાઇ અથવા ત્રુટિ ભવિષ્યમાં તે મનુષ્યમાં ન જોવામાં આવે એવા માર્ગે એને ચઢાવી દઇને સ્નેહપૂર્વક તેને માટે પ્રયત્ન કરવો એજ સાચી ક્ષમા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ કોઇવાર આપણુને બીજાના કાર્યોનો ફેંસલો આપવો પડે છે, પણ બીજાને મદદ કરવી એતો આપણું હંમેશનું કર્તવ્ય છે.

તમારે તમારી આધ્યાત્મિક પ્રગતિનું માપ કાઢવું હોય તો એટલું જોઈ લ્યો કે પહેલાં તમે જેટલા સેવાના પ્રસંગો હાથથી જવા દેતા હતા એટલા આજે પણ જવા દો છો કે એથી ઓછા ?

જ્યારે તમે કોઇની સેવા કરવાની રીતની ટીકા કરો છો ત્યારે તમે એટલું ભૂલી જાઓ છો કે એ મનુષ્ય એક એવા માણુસની સેવા કરી રહ્યો છે કે એને તમારી સેવા કરવાની રીત જરા પણ ગમતી નથી..

તમને સેવા કરવાની પ્રેરણા કેમ થઇ, કેવી રીતે થઇ એ લોકોને કહી બતાવવામાં જરાપણ અચકાશો નહિ. આપણા સુખનું મૂળ જગતને અર્પણ કરવું એ જગતને સુંદર બક્ષીસ આપવા સમાન છે.

કોઇપણ માણુસને માટે કરેલું સેવાનું દરેક કામ તે માણુસને ઉત્તેજન આપનાર તથા તેનું રક્ષણ કરનાર દેવદૂત સમાન બની રહે છે. તમારી સેવા જેટલી સ્નેહપૂર્ણ હશે તેટલોજ તે દૂત દીર્ઘાયુઃ બનશે અને તે વધારે સમય સુધી તેને પ્રોત્સાહિત કરી શકશે અને તેનું રક્ષણ કરી શકશે.

એવું કદી ન માનવું કે જેને આપણે આપણી આંખો વડે સેવા કરતા જોઇએ છીએ તેઓજ સેવા કરે છે. સેવાના મહાન્ કાર્યો કરનાર કેટલાક એવા પણ હોય છે કે જેની કોઇને ખબર પણ નથી હોતી.

સેવાનું કોઇ કાર્ય આજેજ કરવાને બદલે આવતી કાલ ઉપર મુલતવી રાખવાથી સંભવ છે કે સેવાનો એ અવસર ફરી વખત પ્રાપ્ત જ ન થાય; કેમકે કાલે એની જરૂર જ ન રહે અને આજે જ્યારે તેની જરૂર હતી ત્યારે તે કાર્ય કરવામાં ન આવ્યું.

આપણી પાસે આવનાર દરેક વ્યક્તિનો યોગ્ય ખ્યાલ રાખીને જ સેવા કરવી. મનુષ્ય જે કાંઇ કહેવા ઇચ્છતો હોય છે તે ધ્યાન પૂર્વક સાંભળવાથીજ તેની અડધી સેવા થઇ જાય છે.

જ્યારે તમારે દુઃખ સહન કરવું પડે ત્યારે યાદ રાખવું કે દુઃખ સહન કરવાથી બીજાનાં દુઃખોમાં સહાનુભૂતિ બતાવવાની તમારી શકિતમાં વધારો થાય છે; કેમકે તમે કોઇ જાતનું કષ્ટ સહન કર્યું હોય તો વધારે નહિ પણ જેટલું કષ્ટ તમે સહન કર્યું હોય તેટલા પ્રમાણુમાં તમે જરૂર તમારી જેટલા જેઓ દુઃખી હોય તે તરફ સહાનુભૂતિ બતાવી શકશો.

સેવાના અભિલાષીએ એકજ તત્ત્વના બે જુદા સ્વરૂપ સમજી લેવા જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવદયા ધર્મ.

સર્વ જીવ ઉપર પ્રેમ રાખવો. આપણને જેમ દુઃખ થાય છે તેમ તેને દુઃખ થાય છે. કોઇને ગાળ દેશો તો ગાળ ખાવીજ પડશે, કોઇને ધોલ મારશો તો ધોલ ખાવીજ પડશે. આઘાત પ્રત્યાઘાતના નિયમ પ્રમાણે જેટલા જોરથી ફેંકશો તેટલા જોરથી પાછું આવશે. માટે જેટલા જોરથી કોઇને તમે દુઃખી કરશો તેટલા જોરથી તમારે દુઃખી થવું જ પડશે, તે યાદમાં રાખશો. મહાવીર સ્વામી વારંવાર પોકારી પોકારીને કહી ગયેલ છે કે હે મુનિ ! ( વિચાર શીલ પુરૂષ ) જન્મનાં અને જરાનાં દુઃખ અત્યંત છે માટે તને જેમ સુખ પ્રીય છે તેમ સર્વે જીવોને સુખ પ્રીય છે એમ વિચારી કોઈ પણ જીવને મારીશ નહી અને બીજા પાસે મરાવીશ નહી, લોકોનાં દુઃખોને જાણનાર સર્વે જ્ઞાની પુરૂષોએ મુનિઓને, ગૃહસ્થોને, રાગીઓને, ત્યાગીઓને, ભોગીઓને અને યોગીઓને આવો પવિત્ર અને શાશ્વત ધર્મ કહ્યો છે કે કોઇ પણ જીવને હણવો નહીં અને તેને હેરાન કરવો નહી. પરાક્રમી પુરૂષ સંકટો પડતાં પણ દયા છોડતો નથી. હે મુનિ ! અંદરજ યુદ્ધકર બીજા બહારના યુદ્ધની શી જરૂર છે? યુદ્ધની આવી સામગ્રી મળવી મુશ્કેલ છે.

હે મિત્રો ? તમો જો મુકિત સુખને ઇચ્છતા હો તો એક ઇંદ્રિયથી માંડી પંચેન્દ્રિય જીવોની દયા કરો અને સર્વે જીવોનું રક્ષણ કરો. કોઇપણ જીવની

---

તે છે દુઃખ અને આનંદ. એક અનુભવેલા માનસિક સંઘર્ષણનું સ્મરણ કરાવે છે અને બીજું સૌથી છેલ્લા આદર્શની પ્રતીતિ કરાવે છે.

તમારૂં પોતાનું હૃદય તમારાં સેવા-કાર્યોની જે કિંમત આંકે છે તેની સરખામણીમાં તે કાર્યોની દુનિયાએ નક્કી કરેલી કિંમત કંઇ નથી.

ઘણા લોકો અમુક જગ્યાએ રહીને સેવા કરવામાં સુખ ગણે છે અને એ સેવા માટે તેઓમાં શકિત પણ હોય છે. પણ કોઇ પણ સ્થળે જઇને સેવા કરવામાં કેટલાને સુખ થાય છે ? કેટલામાં એ શકિત છે ?

જેવી રીતે નિર્જન જંગલમાં કોઇપણ ફુલ સુંદર લાગે છે તેવી રીતે અજાણી જગ્યાએ કરેલી સેવા અત્યંત સુંદર લાગે છે.

સર્વવ્યાપી ઘોર અંધકારમાં એક ન્હાનો દીવો પણ બધું પ્રકાશમય કરી મૂકે છે એવી રીતે સ્વાર્થથી ભરપૂર વાતાવરણમાં નાનું પણ સેવાનું કાર્ય નિર્મળ પ્રકાશ પ્રસરાવી મૂકે છે. —ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંતરડીને દુભાવશો નહી અને સ્વાર્થની ધૂનમાં અંધ બનીને જીવોને કચરી નાખશો નહી.

પુનઃ પુનઃ સ્મરીને ભૂલ્યા ત્યાંથી ફરી ગણીને તમારા મનમાં દયાના વિચારોને ઠસાવી—મન—વચન-કાયાથી કોઈ જીવને દુઃખ થાય નહી, એવી પ્રવૃત્તિ કરશો તો અંતે નિવૃત્તિ મળશે. દયા સર્વ ધર્મનું મૂળ છે જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી. જે ભવ્ય મનુષ્યોના હૃદયમાં દયા હોય તે અન્ય ઉપર ક્રોધ કરે નહી, તેમ અન્ય જનની નિંદા પણ કરે નહી. દયાની પરિપૂર્ણતા પ્રાપ્ત થવાથી આત્મા પરમાત્મા પદને પ્રાપ્ત કરે છે. કોઇ પણ મનુષ્યને ગાળ દેવાથી તેનું હૃદય બહુ દુખાય છે, તેથી તે જીવના આત્માને દુખવવો તે પણ એક જાતની હિંસા ગણી-દયાવંત પુરૂષો કોઇને પણ ગાળ દેતા નથી. અન્ય પુરૂષની નિન્દા કરવાથી પણ દ્વેષ-કલેશની લાગણીયો પ્રગટે છે અને તેથી એક જાતની હિંસા થાય છે, માટે ઉત્તમ દયાવંત પુરૂષો કોઈ પણ જીવની નિન્દા કરતા નથી.

હિંસા કરવાનો પણ વિચાર અશુભ હોવાથી પોતાના આત્માની અવનતિ કરે છે. અશુભ વિચારથી પાપ થાય છે અને શુભ વિચારથી પુણ્ય થાય છે, માટે પ્રેમી આત્માઓ અશુભ વિચારથી દૂર રહે છે. ઉન્નતિ ખરેખર તમારા વિચારમાં સમાઈ છે.

હે મીત્રો! તમો જાપ જપો, આંખ મીચી ધ્યાન કરો, પ્રભુ દર્શન કરો, પ્રભુ પૂજન કરો, પણ તમોએ જ્યાંસુધી સર્વ જીવોની સાથે મૈત્રીભાવ ધારણ કર્યો નથી ત્યાંસુધી પૂર્વોકત અનુષ્ઠાન યથાયોગ્ય સફલ થઇ શકતા નથી, માટે તપ જપ કરતાં પણ પ્રથમ મૈત્રીભાવની ખાસ આવશ્યકતા છે. હે મિત્રો! તમારો આત્મા જે જે કારણોથી દુઃખ પામે છે તેવોજ પરનો આત્મા પણ તે તે કારણોથી દુઃખ પામે છે, માટે પરના પ્રાણને દુખવવાનો સંકલ્પ તથા વર્તન સ્વપ્નમાં પણ થાય નહી તેવું મૈત્રિભાવવાળું સદ્વર્તન સતત કરશો.

અસંખ્ય રાજા, ચક્રવર્તિ, શેઠ વગેરે થઇ ગયા અને થશે, કોઇ જગમાં અમર રહેનાર નથી. વૃથા અહંકાર અને મમત્વભાવથી તમારા આત્માને દુર્ગતીના કુવામાં નાખો છો. મિત્રો! તમારી મૂળ સ્થિતિ જે બાહ્યમાં દેખાય છે તે નથી. તમે આત્મા છો, તમારૂં સ્વરૂપ ઓળખો, તમારા સ્વરૂપને ઓળખતાં સર્વ જીવોના નજીક સંબંધમાં તમો આવશો અને જાણીને આચારમાં મુકવાથી તમારી ઉન્નતિ તમો કરી શકશો.

સરલ માર્ગને કઠીણ જાણવો અને કઠીણ માર્ગને સારો જાણી ઉંધે રસ્તે દોરાવું તે શું ન્યાય છે? ભુલી જવા જેવું નથી કે અહીં પોપાંબાઈનું રાજ્ય નથી, આ તો મહા સમર્થ ન્યાયી રાજ્ય છે—અદલ ઇનસાફ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## अभिनंदनपत्र.

कलकत्ता निवासी श्रीयुत पूरणचदन्द्रजी नाहर, एम० ए० बी० एल० एम० आर० ए० एस० को ओसवाल नवयुवक समिती की तरफ से ता. २७–१२–३० को एक अभिनंदन पत्र दिया गया है जिनकी नकल पाठकों की सेवा में रजु करते हैं।

महाशय !

आप जैसे समाज के एक अग्रगण्य विद्वान व्यक्ति का अभिनन्दन करते हमारा हृदय आनन्द एवं श्रद्धा से विकसित हो उठता है। जिस प्रकार आपने अपना सारा जीवन जैन साहित्य, शिलालेखादि पुरातत्व के साधनों की खोज में लगा दिया है वह सचमुच में समाज के लिये आदर्श है।

---

લીંબડાનું ઝાડ વાવી આંબો મેળવવા ધારો તો આંબો નહિ જ ઉગે, લીંબડો જ ઉગશે, અને કડવો લીંબડો ખાવો જ પડશે તે નક્કી માનજો. કેટલાક બૂમો પાડતા જણાય છે કે શું કરીયે ભાઇ? આ દુનીયા અસત્યની છે, તેમાં સત્યનું ચાલતું નથી. ધર્મી દુઃખી જણાય છે, આહા કેટલી અજ્ઞાનતા! ભાઇઓ વાતો કરી બેસી રહેવાનો વખત નથી. ધ્યાન આપો કે તમો અહોનીશ, રાગના દ્વેષના, કપટના, લોભના, અદેખાઇના, હિંસાના, અસત્યના, ચોરીના, પરસ્ત્રી સેવાના, પારકી નિન્દા કરવાના, વિશ્વાસઘાત કરવાના, કલંક ચડાવવાના અને લડાઈ ટંટાના જ વિચારો હાલતાં, ચાલતાં, લખતાં, વાંચતાં, સુતાં કે ઉંઘતાં, વારંવાર કર્યા કરો અને કામ, ક્રોધ, મોહ આદિના વિચારને પુષ્ટ કર્યા કરો, પછી લીંબડારૂપી કડવાંજ ફલ પામો તેમાં શું નવાઈ? લસણની ગંધ અને ચંપાના પુષ્પની ગંધ સરખી કેમ હોઈ શકે? જુદીજ હોય છે અને તેથી જ જેવું કામ તેવું જ ફળ થાય એ તો નિર્વિવાદ છે.

શું બીજા દોષવાળાઓની નિન્દા કરવાથી દોષ રહિત થવાય છે? નિન્દા જો પોતાના અશુભ કર્મોની કરો તોજ દોષ રહિત થવાય. માટે જગતવાસી દરેક જીવોને મિત્ર તુલ્ય ગણો અને માનો; કેમકે ખરી રીતે નથી કોઈ શત્રુ કે નથી કોઈ વેરી. માટે જીવો પ્રત્યે પ્રેમ દયાભાવ ઉત્પન્ન કરવો અને પોતાના તુલ્ય દરેકને જાણવા. ॐ शान्ति. ॐ शान्ति. ॐ शान्ति. (એક મુનિ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



महानुभाव ! पंचम आरा के आरम्भ में कई शताब्दि तक जैनधर्म का दीपक झगमगता था पर क्रमशः वह बुझ गया था और सारा साहित्य व सारा ज्ञान एकबार तो लोपसा हो गया था उसके पुनरुद्धार के लिये भगीरथ प्रयत्न की आवश्यक्ता है। पर सांसारिक झंझटो में फँसे हुए लोगों को इतना समय कहां? आपने सब स्वार्थों का त्याग कर पुरातत्व की खोज में जो बलिदान किया है वह सचमुच में प्रशंसनीय व आदर्श है। जिस अक्लान्त परिश्रम से राजगृह, जैसलमेर मथुरादि के खंडहरों में जाकर आपने प्रशस्तियां, शीलालेख व जैन शासन कालीन सिक्कों का संग्रह किया है वह अनुपम है। दुख है आप के सुकृत्यों का मूल्य जितना हम भारतवासी जैन व जैनधर्म में दिलचस्पी लेनेवाले अजैन नहीं समझ सके हैं उससे कहीं अधिक विदेशियोंने उसका महत्व समझा है। जहां कहीं भी उन्हें किसी प्रकार की शंका होती है तो वे अपने समाधान के हेतु आप को कष्ट देते हैं। हम अधिक क्या कहें जैन के पुरातत्व की खोज में आप एक त्याग की मूर्त्ति है। इस रंग में आप ऐसे रंगे गये है कि चौवीसों घण्टे आपने इसी काम में लगा रखे हैं। आखों की ज्योति तक आपने इस में खो दी थी फिर भी आपने उठाये हूए कार्य्य को छोडा नहीं वरन् दूसरों को बैठा २ कर उस कार्य्य को जारी रखा। बहुत प्रसन्नता की बात है कि आपने अपनी चक्षु ज्योति को पुनर्प्राप्त किया है और आप फिर अपने कार्य्य को जोर से चला रहे हैं।

महोदय ! यह कहना अनावश्यक है कि पुरातत्व का सम्यक् दिग्दर्शन उन्हीं के लिये जरूरी है जो अपना स्वरूप भूल दूसरों की सम्पद् देख उस में लुब्ध होते हैं। जिस जाति व समाज में अपने पूर्वजों की कहानी बाल बच्चों की तो कहें ही क्या बुड्ढे भी नहीं जानते, उस के लिये आप के सदृश अक्लान्त परिश्रमी दृढ अध्यवसायी एवं पुरातत्व के अनुसन्धित्सु की बड़ी भारी आवश्यक्ता है। आज अपनी समाज अपने गौरवमय अतीत को याद तक नही करती। जैन शिक्षा, जैन साहित्य, जैन दर्शन, जैन कला, जैन भाषा, जैन भाव, आज विस्मृति के अन्धकार में लुप्त से हैं। जो भावुक लोगों की दृष्टि पुनः जैन वैशिष्ठ की तरफ खींचने के लिये पुरातत्व का विश्लेशन करके समाज का बडा भारी काम कर रहें हैं उन्हें जितना अभिनन्दित किया जाय वह थोड़ा है।

हम आशा करते हैं कि हमारे देश के युवक भी आप की इस खोज का

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



महत्त्व समझ इस में प्रवृत्त होंगे ताकि यह महान् कार्य्य और भी द्रुतगति से जारी रहे।

जैन युवक आप के आदर्श से दृढ संकल्प, अध्यवसायी, सरल, विद्या-प्रेमी होकर अतीत के जैनियों के कीर्त्तिकलाप की खोज करने के साथ साथ अपने २ वर्त्तमान जीवन से आदर्श जैनी बन भविष्य को अतीत से भी अधिक गौरवमय बनाने का प्रयत्न करेंगे—यह हमारी आशा है। इस आशा की पूर्ति समाज की पृष्ठपोषकता से हीं संभव है। समस्त विश्वकी अहिंसा मन्त्र के सच्चे उपासकों का स्वरूप दिखला कर उन्हें अहिंसा की तरफ आकर्षित करने के लिए समाज युवकगण को अग्रसर कराने में पूर्ण सहायता देंगे यह हमारी कामना है।

कलकत्ता<br>ता. २७–१२–३० ई०

आपके गुणानुरागी,<br>**ओसवाल नवयुवक समिति के सदस्यगण।**

## શ્રી પાટણ પ્રતિષ્ઠા મહોત્સવ

પાટણ શહેરમાં મણીયાતીપાડામાં થયેલ નવીન સુશોભિત જિનાલયમાં **શ્રી મહાવીર** પ્રભુની પ્રતિષ્ઠા માહ શુ. ૬ રવિવારના રોજ થવાની છે, હાલ અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયેલ છે. પાટણ એક જૈનપુરી અને તીર્થ છે તેમ જ ત્યાં પ્રવર્ત્તકજી મહારાજ **શ્રી કાન્તિવિજયજી મહારાજ** વગેરે મુનિમહારાજાઓ બિરાજમાન છે તેનો પણ ત્યાં આ પ્રસંગે જનારને દેવગુરૂ ભકિત અને વંદનનો લાભ મળે તેવું છે.

## શ્રી અંધેરી–મુંબઇ શ્રી ઉપધાન મહા મંગળ તપ માલારોપણ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ.

અંધેરીમાં માગશર શુદ ૧૧ ના રોજ ઉપધાન વહન શરૂ થયા હતાં, તેનો મહોત્સવ પોશ વદી ૧૩ ના રોજથી શરૂ થયો હતો. ને માહ શુદ ૬ માલારોપણના મુહૂર્તો હોવાથી તે ક્રિયા શેઠ જીવતલાલ પરતાપસિંહના બંગલામાં કરવામાં આવી હતી, તેમજ ઝવેરી મોહનલાલ હેમચંદને બંગલે સ્વામિવાત્સલ્ય વગેરેથી ભકિત કરવામાં આવી હતી.

# સ્વીકાર અને સમાલોચના.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય. પંદરમો વાર્ષિક રિપોર્ટ.

તા. ૧–૬–૧૯૨૯ થી તા. ૩૧–૫–૧૯૩૦ સુધીનો રીપોર્ટ મળ્યો છે. મુંબઇ ઇલાકામાં પ્રથમ સ્થાન ધરાવતી, કેળવણીને ઉત્તેજન આપતી, વ્યવસ્થિત કાય કરતી આ સંસ્થામાં અનેક જૈન વિદ્યાર્થીઓ બંને પ્રકારનું શિક્ષણ પામે છે. દરેક ઇલાકામાં–જીલ્લામાં આવી સંસ્થાઓની જરૂર છે. વર્તમાન કાળમાં કેળવણીની સંસ્થા સ્થાપવાની, તેમાંજ મુખ્યત્વ પૈસાનો વ્યય થવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર છે. આ એક સંસ્થાના પ્રગટ થતાં રિપોર્ટો ઉપરથી માલમ પડે છે કે જૈન વિદ્યાર્થીઓ ઉંચી કેળવણી પામી વ્યવહારમાં પણ સારી લાઇનો ઉપર ચડેલ છે. કોઇપણ કોમની કેળવણી વગર પ્રગતિ નથી માટે શિક્ષણશાળાઓ અને કેળવણીનાં ઉત્તેજન અને વૃદ્ધિ અર્થે આવી ઉપયોગી સંસ્થાઓ આખા ભારતમાં થવાની જરૂર છે. આ સંસ્થાની કાર્યવાહી યોગ્ય, કાર્યવાહકો ઉત્સાહી, ખંતીલા હોવા સાથે તેનો વહીવટ પણ ચોખવટવાળો છે. વિશેષ પ્રગતિ માટે વિશેષ સહાય આપવી જ જોઇએ. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

## શ્રી મહુવા જૈન યુવકમંડળનો રીપોર્ટ.

( સંવત ૧૯૮૨ થી સં. ૧૯૮૬ )

આ સંસ્થાને સ્થાપન થયા અગીયાર વર્ષ થયા છે, આ સંસ્થાનો ઉદ્દેશ કેળવણીને ઉત્તેજન, આરોગ્ય સરંક્ષણ, વાંચનાલય, સહાયક લોન વડે કેળવણીના ઉત્તેજન માટે મહુવાની જૈન સમાજની સેવા કરે છે. નાણાની વિશેષ છુટ નહિ હોવા છતાં મેમ્બરોનું લવાજમ અને જૈન બંધુઓના તરફથી આવતી આર્થિક સહાય વડે બનતા પ્રયત્ન વડે ઉદ્દેશ પ્રમાણે કાર્ય કરે છે. કાર્યવાહકો ઉત્સાહી છે. રિપોર્ટ જોતાં આવક જાવક હિસાબ વગેરે વ્યવસ્થિત દેખાય છે. આ સંસ્થા વિશેષ પ્રગતિ કરે તેમ ઇચ્છીએ છીએ.

## શ્રી ગોઘારી વીસા શ્રીમાળી જૈન દવાખાનાનો સં. ૧૯૮૫ ના કાર્તિકથી સં. ૧૯૮૬ આસો વદી ૩૦ સુધી રીપોર્ટ.

આ દવાખાનાનો બે વર્ષનો રીપોર્ટ અમોને મળ્યો છે. જૈનોની આરોગ્ય માટે રાહત આપનાર અમારા જાણવા પ્રમાણે આ પ્રથમ દવાખાનું છે. ધીમે સ્વરૂપે પણ પ્રગતિ કરતું તેમજ તેમના કાર્યવાહકો અને ઉત્સાહ અને ખંતને લઇને તે સ્થાઇફંડ પણ આ વર્ષવાળા રીપોર્ટમાં કરી શક્યું છે. રીપોર્ટ જોતાં તેટલી રકમ તેના ખર્ચ માટે નિભાવ માટે પુરતી નથી, અને જરૂરીયાતવાળા તે ખાતા માટે તેટલી બીજી રકમ પણ જૈન બંધુઓએ ઉદારતાથી આપી તેને તે માટે નિર્ભય બનાવવું જોઇએ. ત્રણે ફીરકાના જૈનો સિવાય જૈનેતરને પણ આ દવાખાનાથી ભેદભાવ વગર લાભ અપાય છે તે કમીટીના હૃદયની વિશાળતા છે. શુમારે આઠ હજાર દરદીઓ તેનો લાભ લે છે. વગેરે મનુષ્યો પ્રત્યેની ખરેખરી સેવાજ છે. રીપોર્ટવાળા વર્ષોમાં મેલેરીયા તાવના વ્યાધિની સંખ્યા મોટી છે તેનું કારણ રીપોર્ટમાં બતાવ્યું તે આરોગ્યતા સચવાય તેવા હવા પ્રકાશવાળા મકાનોમાં વસવાટ નથી તે છે. જૈનોમાં ઘણા શ્રીમંતો છે, પોતાની સમાજના બંધુઓ માટે તેવા હવા ઉજાસવાળી ચાલીઓ બાંધી સસ્તા ભાડે જૈનબંધુઓને આપવાનું મહદ્ પુણ્ય અને અનુપમ સેવા મુંબઇ શહેરમાં કરવા જેવી છે. આરોગ્યતાનું જ્ઞાન ફેલાવવા માટે સીનેમા અને ભાષણો દ્વારા આરોગ્યતા તરફ જૈન પ્રજાનું ધ્યાન ખેંચવા માટેનો પ્રયત્ન પણ ઉત્તમ છે. મુંબઇશહેરમાં હવે જૈન હોસ્પીટલની પણ જરૂરીયાત ઉભી થઇ છે તે તરફ અમો જૈન શ્રીમંતોનું લક્ષ ખેંચવાની ફરજ સમજીયે છીએ. આ દવાખાનાનો વહીવટ યોગ્ય અને હિસાબ ચોખવટવાળો છે. આ ખાતાના પ્રચાર કાર્યને વિશેષ જોઇએ તેટલી આર્થિક સહાય આપી તેના પ્રચારકાર્યમાં વિશેષ વૃદ્ધિ થાય અને તેની વિશેષ પ્રગતિ થાય એમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અમદાવાદમાં જૈનસાહિત્ય પ્રદર્શન.

ગયા પોષ વદી ૧૩ ના રોજ શ્રી દેશવિરતિ આરાધકસમાજ તરફથી અમદાવાદમાં શેઠ ભગુભાઇના વંડે જૈન સાહિત્ય પ્રદર્શન શ્રીમાન્ શેઠ માણેકલાલભાઈ મનસુખભાઇના મુબારક હસ્તે ખુલ્લુ મુકાયું છે. જૈન સાહિત્ય ક્ષેત્રમાં આવા ઉત્સવો ઠીક ગણી શકાય. આ સાહિત્ય પ્રદર્શનનો પ્રયત્ન જાણવા પ્રમાણે સફળ થયેલ લાગે છે. તાડપત્રોની પ્રતો, કોરીને લખાયેલ ગ્રંથો, સુંદર ચિત્રો અને વિવિધ રંગની સાહીથી લખાયેલ જૈન સૂત્રો, ગ્રંથો, માટેનું ચિત્રકામ, ચિત્રવિભાગ, અનેક વિધ વિષયના હસ્ત લિખિત ગ્રંથો, આગમ મંદિર, સાણંદનો રથ, શ્રીયુત માણેકલાલ શેઠનું સોના ચાંદીનું દેરામંદિર, ઈંદ્રધ્વજ વગેરે દષ્યમાન જૈન સાહિત્ય સામગ્રી સામાન્ય જનતાને પણ આકર્ષક કરે તેવો સંગ્રહ એકઠો કરવામાં આવેલ છે, આવા મોટા શહેરોમાં ક્રમે ક્રમે જૈન સાહિત્ય પ્રદર્શન ભરવામાં આવે તો સાહિત્યની મહત્તા, જૈન ઇતિહાસ, દર્શનની ગૌરવતા અને જૈનેતર જગતમાં જૈન દર્શનનું પ્રભાવકપણું જણાય તે સ્વાભાવિક છે. જૈન સમાજે જૈન સાહિત્ય પ્રદર્શનો વર્તમાન કાળે ભરવાની આવશ્યકતા છે.

---

**દિગંબર જૈન ( સચિત્ર વિશેષાંક. )** દેશનેતા અને રાષ્ટ્રીય હીલચાલમાં ભાગ લેનાર અને દેશ સેવાકાજે દિગંબરી જૈન બંધુઓ જેમણે ભોગ આપી જેલ સ્વીકારી તેમની છબીયો અને વિવિધ લેખોથી ભરપુર આ અંક (વર્ષ-૨૪ અંક ૧-૨ ) પ્રગટ કરવામાં આવેલ દિગંબરી જૈન સમાજમાં આ ઇલાકામાં આ માસિક તેમની સમાજનો આ રીતે સારી સેવા કરે છે. સમ્પાદક મૂળચંદ કિસનદાસ કાપડિયા ઉત્સાહી અને સેવાભાવી દિગંબર બંધુ છે. અમો આ માસિકની અભિવૃદ્ધિ ઇચ્છીયે છીયે.

---

## જૈન ચિત્રકળાના નમુના.

૧ શ્રી **નેમનાથ** પ્રભુના લગ્નનો વરઘોડો.

૨ ભગવાન **મહાવીર સ્વામી**ના સમવસરણની દેવોએ કરેલી રચના.

૩ શ્રી **ત્રિશલા માતાને** આવેલ ચૌદ સ્વપ્ન-ઉપરોક્ત ત્રણ છબીઓ વિવિધ રંગોથી દેખાવ, બ્યુહ અને કેટલેક અંશે કળાની દષ્ટિથી તૈયાર કરાવી ફોટોગ્રાફર નથમલજી ચંડાલીયા કલકત્તા નિવાસીએ પ્રકટ કરેલ છે. આ ત્રણે છબીયો સુંદર, આકર્ષક અને જિનાલય, ઉપાશ્રય કે ગૃહસ્થને પોતાના નિવાસમાં દર્શન કરવા માટે રાખવા જેવી અને સ્થાનના શ્રૃંગાર રૂપ છે. બંધુ નથમલજીએ થોડા વખત પહેલાં શ્રી કેશરીયાનાથજી, છ-લેસ્યા, પાવાપુરી, મધુબિન્દુ દષ્ટાંત વગેરે સુંદર છબીયો પ્રકટ કરેલી હતી, જે પ્રશંસા પાત્ર થયેલ હતી, તેવીજ રીતે ઉપરોક્ત ત્રણે છબીઓ આકર્ષક બનેલ છે, સર્વે જૈન બંધુઓએ લેવા જેવી છે. કિંમત નંબર ૧-૨ બાર બાર આના નંબર ૩ આઠ આના.

સર્વ છબીયો મળવાનું ઠેકાણું. **શ્રી જૈન આત્માનંદ સભા**-ભાવનગર. તથા પ્રકાશકને ત્યાંથી ૯૪ ચીત્તપર રોડ-કલકત્તા.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ધ્યાનમાં લેશો— સ્થાન બદલ્યું છે.

જૈન સસ્તી વાંચનમાળાની ઑફીસ ભાવનગરથી **પાલીતાણા** ફેરવવામાં આવેલ છે. જેથી તમામ પત્રવહેવાર **પાલીતાણા** કરશો.

આ વર્ષનાં અમારા ગ્રાહકોને મોકલવાનાં ચાર પુસ્તકોનું વી૦ પી૦ લવાજમના રૂા ૩) પોસ્ટ ખર્ચના ૦-૧૧-૦ મળી રૂા ૩-૧૧-૦ ના વી૦ પી૦ થી પોસ માસમાં મોકલાશે જે સ્વીકારી લેવા વિનંતી છે. ગ્રાહકોની સગવડ માટે દરેક સંસ્થાના જૈન ધર્મના પુસ્તકોનો સારો સ્ટોક અમારે ત્યાં રહે છે, જેથી સાથે મંગાવનારને ખર્ચમાં ફાયદો થાય છે. વળી હાલમાં કેટલાંક પુસ્તકોની કિંમતમાં સારો ઘટાડો કરેલ છે. મંગાવી ખાત્રી કરશો.

લખો:—**જૈન સસ્તી વાંચનમાળા.**
**પાલીતાણા**—( કાઠીયાવાડ )

## સુંદર ફોટાઓ.

### ફોટોગ્રાફર નથમલજી ચંડાળીયા કલકત્તાવાળાના ફોટાઓ.

| નામ. | સાઇઝ. | કીંમત. |
|---|---|---|
| શ્રી નેમનાથ સ્વામીના લગ્નનો વરઘોડો. | ૧૫×૨૦ | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીર સ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ,, | ૦-૧૨-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ,, | ૦-૮-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ,, | ૦-૮-૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ,, | ૦-૮-૦ |
| શ્રી ગૌતમ સ્વામી. | ,, | ૦-૮-૦ |
| શ્રી જીનદત્ત સૂરિજી ( દાદા સાહેબ ) | ,, | ૦-૬-૦ |
| છ લેશ્યા. | ,, | ૦-૬- |
| મધુબિંદુ. | ,, | ૦-૬-૦ |
| શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૧૬×૧૨ | ૦-૪-૦ |

### ચિત્રશાળા પ્રેસ પુનાવાળાના ફોટાઓ.

| | | |
|---|---|---|
| શ્રી મહાવીર સ્વામી. | ૧૫×૨૦ | ૦-૮-૦ |
| શ્રી ગૌતમ સ્વામી મહારાજ. | ,, | ૦-૮-૦ |
| સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી—સોનેરી બાઇન્ડીંગ સાથે. | | ૨-૮-૦ |

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૮ મું. વીર સં. ૨૪૫૭. માઘ. આત્મ સં. ૩૫. અંક ૭ મો.

## ધર્મ અને પંથ.

" પંથમાં ધર્મ નથી માટે જ પંથો સમાજ અને રાષ્ટ્રનો ઘાત કરે છે. જ્યાં જ્યાં સમાજ અને રાષ્ટ્રમાં એકતા આવવાના પ્રસંગો આવે છે ત્યાં ત્યાં બધે જ નિષ્પ્રાણ પંથો આડે આવે છે. ધર્મજનિત પંથો સરજાયા તો હતા માણસ જાતને અને વિશ્વમાત્રને એક કરવા માટે; પંથો દાવો પણ એજ કાર્ય કરવાનો કરે છે અને છતાં આજે જોઇયે છીએ કે આપણને પંથો એક થતાં અને મળતાં અટકાવે છે. પંથો એટલે બીજું કાંઇ નહિ પણ ધર્મને નામે ઉતરેલું અને પોષાયલું આપણું માનસિક સંકુચિતપણું કે મિથ્યા અભિમાન. જ્યારે લોકકલ્યાણ ખાતર કે રાષ્ટ્રકલ્યાણ ખાતર એક નજીવી બાબત જતી કરવાની હોય છે, ત્યારે પંથના ઝેરીલા અને સાંકડા સસ્કારો આવીને કહે છે કે સાવધાન. તારાથી એમ ન થાય. એમ કરીશ તો ધર્મ રસાતળ જશે. લોકો શું ધારશે અને શું કહેશે ? ÷ ÷ ÷ આ રીતે પંથ સત્ય અને એકતાની આડે આવી રહ્યા છે, અથવા એમ કહો કે આપણે પોતેજ પોતાના પંથમય સંસ્કારના શસ્ત્રથી સત્ય અને એકતાનો દ્રોહ કરી રહ્યા છીએ, તેથી જ તો પંથાભિમાની મોટા મોટા મનાતા ધર્મગુરૂઓ, પંડિતો કે પુરોહિતો કદિ મળી શકતા જ નથી, જ્યારે બીજા સાધારણ માણસો સહેલાઇથી મળી શકે છે. એકતાનો અને લોકકલ્યાણનો દાવો કરનાર પંથના ગુરૂઓ જ એકબીજાથી જુદા હોય છે. જો એવા ધર્મગુરૂઓ એક થાય એટલે કે પરસ્પર આદર ધરાવતા થાય, સાથે મળીને કામ કરે અને ઝગડાને સામે આવવા જ ન દે તો સમજવું કે હવે એમના પંથમાં ધર્મ આવ્યો છે. "

પં. સુખલાલજી.

For Private And Personal Use Only